# માતા-પિતાના અધિકારો

## મેરીલેન્ડમાં કાર્યપ્રણાલી સંબંધિત બાંહેધરીઓની સૂચના

*શિશુઓ અને નાનાં બાળકો/શાળાપૂર્વનું ખાસ શિક્ષણ અને ખાસ શિક્ષણ*





**સુધારેલ આવૃત્તિ જાન્યુઆરી 2010**

MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
Achievement Matters Most

MSDE
**Division of Special Education/
Early Intervention Services**

**માતા-પિતાના અધિકારો**
**મેરીલેન્ડમાં કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓની સૂચના**
**શિશુઓ અને નાનાં બાળકો, શાળા પૂર્વ, ખાસ શિક્ષણ**
*જાન્યુઆરી 2010*

મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન નોકરી પર અસર કરતી બાબતોમાં કે કાર્યક્રમોને પહોંચ પૂરી પાડવામાં જાતિ, રંગ, લિંગ, ઉંમર, મૂળ રાષ્ટ્રીયતા, ધર્મ કે અક્ષમતાના આધારે ભેદભાવ કરતું નથી. ડિપાર્ટમેન્ટની નીતિ સાથે સંબંધિત પ્રશ્નો માટે કૃપા કરી ઇક્વિટી એશ્યોરન્સ એન્ડ કમ્પ્લાયન્સ બ્રાંચનો સંપર્ક સાધો, વોઇસ (410) 767-0433 અથવા ફેક્સ (410) 767-0431. અમેરિકન્સ વિથ ડિસેબિલિટિઝ એક્ટ (ADA) અન્વયે આ દસ્તાવેજ માંગણી કરવાથી અન્ય સ્વરુપોમાં ઉપલબ્ધ છે. આ માટે ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ, મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનનો વોઇસ (410) 767-0242 અથવા ફેક્સ (410) 333-1571 પર સંપર્ક સાધો.

આ દસ્તાવેજ ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ દ્વારા યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ઓફિસ ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન એન્ડ રિહેબિલિટેટિવ સર્વિસિઝે પૂરા પાડેલ ભંડોળે **IDEA Part C Grant #H181A090124**, અને IDEA Part B Grant #HO27A080035A વડે વિકસિત અને તૈયાર કરવામાં આવ્યો હતો. ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ ઓફિસ ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન પ્રોગ્રામ્સ, ઓફિસ ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન એન્ડ રિહેબિલિટેટિવ સર્વિસિઝ, યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન પાસેથી ભંડોળ મેળવે છે. આ માહિતી કોપીરાઇટમુક્ત છે. વાંચકોને આ માહિતીની નકલ કરવા અને બીજા લોકો સાથે વહેંચવા પ્રોત્સાહિત કરવામાં આવે છે, પણ કૃપા કરી ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ, મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનનું ઋણ સ્વીકારતો ઉલ્લેખ કરો.

Maryland State Department of Education
Division of Special Education/Early Intervention Services
200 West Baltimore Street, 9th floor
Baltimore, Maryland 21201
410-767-0858 (ફોન)
410-333-1571 (ફેક્સ)
**www.marylandpublicschools.org**

# અનુક્રમણિકા

**કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓની સૂચના** ........ 1
**માતૃભાષા** ........ 1
**ઇલેક્ટ્રોનિક મેઇલ** ........ 2
**આગોતરી લેખિત સૂચના** ........ 2
સૂચના: ........ 2
લેખિત સૂચનામાં સામેલ વિષયવસ્તુ: ........ 2
**સંમતિ** ........ 2
ફક્ત IFSP સેવાઓ માટે માતા-પિતાની સંમતિ: ........ 2
ફક્ત IFSP સેવાઓમાંની કોઇ સેવા અસ્વીકારવાનો માતા-પિતાનો અધિકાર: ........ 3
માતા-પિતાની સંમતિ: ........ 3
પ્રારંભિક મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ: ........ 3
ફક્ત IFSP સેવાઓ માટે સરોગેટ (બદલીમાં) માતા-પિતા: ........ 4
સરકારની સંભાળમાં રહેલા બાળકોના પ્રારંભિક મૂલ્યાંકન માટે ખાસ નિયમો: ........ 4
સેવાઓ માટે માતા-પિતાની સંમતિ: ........ 4
સેવાઓ માટે માતા-પિતાની સંમતિ પાછી ખેંચવી: ........ 5
પુનર્મૂલ્યાંકનો માટે માતા-પિતાની સંમતિ: ........ 5
માતા-પિતાની સંમતિ મેળવવા કરાયેલા પૂરતા પ્રયત્નોની દસ્તાવેજી નોંધ: ........ 5
સંમતિ માટેની બીજી જરૂરિયાતો: ........ 5
**સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન** ........ 6
વ્યાખ્યાઓ: ........ 6
સાર્વજનિક એજન્સીઓના માપદંડો: ........ 7
જાહેર ખર્ચે મૂલ્યાંકન કરાવવાનો માતા-પિતાનો અધિકાર: ........ 7
માતા-પિતાએ શરુ કરાવેલું મૂલ્યાંકન: ........ 7
કોઇ એડમિનિસ્ટ્રેટિવ લૉ જજ (ન્યાયાધીશ ALJ) દ્વારા મૂલ્યાંકન કરાવાની માંગણી: ........ 7
**માહિતીની ગુપ્તતા** ........ 7
વ્યાખ્યાઓ: ........ 8
બાંહેધરીઓ: ........ 8
સંમતિ: ........ 8
પહોંચના અધિકારો: ........ 9
પહોંચના રેકૉર્ડ: ........ 9
માતા-પિતાની વિનંતીથી રેકૉર્ડમાં ફેરફાર: ........ 9
માહિતીનો નાશ કરવા માટેની પ્રક્રિયાઓ: ........ 10
બાળકોના અધિકારો: ........ 10
શિસ્ત સંબંધી માહિતી: ........ 10
**અક્ષમતાઓવાળા બાળકોનું શિસ્તપાલન** ........ 10
વ્યાખ્યાઓ: ........ 11
શાળાના કર્મચારીની સત્તા: ........ 11
લક્ષણ નિર્ધારણ: ........ 11
નિયુક્તિમાં ફેરફાર: ........ 12
વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક વ્યવસ્થા: ........ 12
શિસ્તનાં પગલાં વિરુદ્ધ અપીલ: ........ 12
જે બાળક પાત્ર હોવાનું હજુ નિશ્ચિત નથી થયું: ........ 13
કાયદાનો અમલ કરનાર અને ન્યાયિક સત્તાધિકારીઓને ભલામણ અને તેમનાં પગલાં: ........ 13
**માતા-પિતા દ્વારા એકપક્ષી નિર્ણય લઇ બાળકોની જાહેર ખર્ચે ખાનગી શાળામાં નિયુક્તિ** ........ 14
ખર્ચ ભરપાઇ કરવાની મર્યાદા: ........ 14
**પુખ્ત વયે માતા-પિતાના અધિકારોનું હસ્તાંતરણ** ........ 15

**મતભેદોનું નિરાકરણ કરવું** ........ 15
દરમ્યાનગિરિ: ........ 16
દરમ્યાનગિરિને પ્રોત્સાહન આપવા માટે મીટિંગ: ........ 16
સ્ટેટ કમ્પ્લેઇન્ટ અને ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ વચ્ચેનો તફાવત: ........ 16
સ્ટેટ કમ્પ્લેઇન્ટ: ........ 17
સ્ટેટ કમ્પ્લેઇન્ટનું નિરાકરણ કરવું: ........ 19
ડયુ પ્રોસેસ હિયરિંગનો વિષય હોય એવી સ્ટેટ કમ્પ્લેઇન્ટનું નિરાકરણ લાવવું: ........ 19
ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ: ........ 19
ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં સામેલ વિષયવસ્તુ: ........ 19
ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટને પ્રતિભાવ: ........ 20
સૂચનાની પર્યાપ્તતા: ........ 20
કાર્યવાહી દરમ્યાન બાળકની સ્થિતિ: ........ 21
નિરાકરણ પ્રક્રિયા: ........ 21
30 કેલેન્ડર દિવસના નિરાકરણના સમયગાળામાં ફેરફારો: ........ 21
નિરાકરણ નક્કી થયાનો કરાર: ........ 22
ડયુ પ્રોસેસ હિયરિંગ: ........ 22
એડમિનિસ્ટ્રેટિવ લૉ જજ (ALJ): ........ 22
ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટની સામગ્રી: ........ 22
સુનાવણીના અધિકારો: ........ 23
માહિતીનું વધારે સ્પષ્ટીકરણ: ........ 23
માતા-પિતાના અધિકારો: ........ 23
સુનાવણીનો ચુકાદો: ........ 23
અલગ ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ: ........ 23
સુનાવણીની સમયસીમાઓ અને સગવડતા: ........ 24
ઝડપી સમયસીમાઓ: ........ 24
સુનાવણીના ચુકાદાની નિર્ણાયકતા: ........ 24
અપીલ: ........ 24
**વકીલની ફી** ........ 25
**બીડાણ: IDEA મતભેદ નિરાકરણ પ્રક્રિયાઓની સરખામણીનો ચાર્ટ** ........ 26

# કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓની સૂચના

**કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓની સૂચનામાં તમારી માતૃભાષામાં તમને સહેલાઇથી સમજાઇ શકે એ રીતે તમારા અધિકારો સમજાવવાનો સમાવેશ થાય છે. આ કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓની સૂચના ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ ફેમિલિ સર્વિસ પ્લાન (IFSP) દ્વારા સેવાઓ મેળવતા બાળકો અને કુટુંબો તેમજ ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP) દ્વારા સેવાઓ મેળવતા બાળકો/વિદ્યાર્થીઓને પણ લાગુ પડે છે.**

આ દસ્તાવેજમાં સામેલ રક્ષણ મુદ્દાઓ સંઘીય વ્યક્તિઓ દ્વારા 2004ના ઇન્ડિવિજ્યુલ્સ વિથ ડિસેબિલિટિઝ એજ્યુકેશન ઇમ્પ્રુવમેન્ટ એક્ટ (Individuals with Disabilities Education Improvement Act of 2004 (IDEA 2004), 20 U.S.C. §1400 *et seq.*,) અને કોડ ઑફ મેરીલેન્ડ રગ્યુિલેશન્સ અથવા COMARના આ પ્રકરણો દ્વારા નિશ્ચિત થયા છે: COMAR 13A.05.01, COMAR 13A.08.03, અને COMAR 13A.13.01. દરેક સાર્વજનિક એજન્સી IDEA 2004 ની જરુરિયાતો પૂરી કરે તેવી કાર્યપ્રણાલીઓ સંબંધી બાંહેધરીઓ સ્થાપશે, જાળવશે અને અમલમાં મૂકશે. સાર્વજનિક એજન્સી બાળકને IFSP અથવા IEP સેવાઓ પૂરી પાડનાર એજન્સી છે.

માતા-પિતાઓ કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓના દસ્તાવેજની નકલ વર્ષમાં એક વાર મેળવશે, સિવાય કે કોઇ સાર્વજનિક એજન્સી નિમ્નલિખિત કોઇ પરિસ્થિતિમાં માતા-પિતાને દસ્તાવેજની બીજી નકલ આપવાની હોય:

- મૂલ્યાંકન માટેના પ્રથમ રેફરલ અથવા માતા-પિતા માંગણી કરે તે સમયે;
- શાળાકીય વર્ષ દરમ્યાન 34 CFR 300.151 થી લઇને 34 CFR 300.153 હેઠળ પહેલી સ્ટેટ સ્પેશ્યલ એજ્યુકેશન કમ્પ્લેઇન્ટ મળે ત્યારે;
- શાળાકીય વર્ષ દરમ્યાન 34 CFR §300.507 હેઠળ પહેલી ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મળે ત્યારે;
- જ્યારે શિસ્તનાં પગલાં લેવાનો નિર્ણય લેવામાં આવે ત્યારે; અને
- માતા-પિતા તેની માંગણી કરે ત્યારે.

સાર્વજનિક એજન્સી કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓની સૂચનાની હાલની નકલ, જો પોતાની કોઇ વેબ સાઇટ હોય, તો તેની પર મૂકી શકે છે.

કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓના દસ્તાવેજમાં માતા-પિતાના અધિકારોની પૂરી સમજ માતા-પિતાની માતૃભાષામાં અને સહેલાઇથી સમજાઇ શકે એવી ભાષામાં સામેલ છે, સિવાય કે આમ કરવું દેખીતી રીતે જ શક્ય ન હોય. જો માતા-પિતાની માતૃભાષા અથવા તેમના સંવાદની અન્ય રીત લેખિત ભાષામાં ના હોય, તો સાર્વજનિક એજન્સી મૌખિક રીતે અથવા બીજી કોઇ રીતે કાર્યપ્રણાલીઓની બાંહેધરીઓનો માતા-પિતા માટે અનુવાદ થાય તે નિશ્ચિત કરવા પગલાં લેશે. સાર્વજનિક એજન્સીએ સૂચનાનો અનુવાદ કરવામાં આવ્યો હતો અને માતા-પિતા કાર્ય પ્રણાલીઓની બાંહેધરીની વિગતો સમજ્યા છે તેની નોંધ કરવા માટે લેખિત પુરાવા રાખવાના રહેશે.

## માતૃભાષા

**માતા-પિતાને તેઓ સમજતા હોય તે ભાષામાં માહિતી મેળવવાનો અધિકાર છે.**

માતૃભાષા શબ્દનો ઉપયોગ જ્યારે એવી વ્યક્તિ સાથે કરવામાં આવે જેને અંગ્રજીમાં સીમિત કૌશલ્ય હોય, ત્યારે તેનો આવો અર્થ થાય છે:

- તે વ્યક્તિ દ્વારા સામાન્ય રીતે વાપરવામાં આવતી ભાષા, અથવા બાળકના કિસ્સામાં, બાળકના માતા-પિતા દ્વારા સામાન્ય રીતે વાપરવામાં આવતી ભાષા;
- બાળક સાથેના બધા જ સીધા સંપર્કમાં (જેમાં બાળકનું મૂલ્યાંકન સામેલ છે), બાળક દ્વારા ઘરમાં અથવા શીખવાના વાતાવરણમાં સામાન્ય રીતે વાપરવામાં આવતી ભાષા.

મૂકબધિર અથવા પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ માટે, અથવા એવી વ્યક્તિ જેની કોઇ લેખિત ભાષા ન હોય, તે વ્યક્તિ સામાન્ય રીતે જુદી જ સંવાદની પદ્ધતિ વાપરતી હોય છે (દાખલા તરીકે સાંકેતિક ભાષા, બ્રેઇલ લિપિ અથવા શાબ્દિક સંવાદ).

# ઇલેક્ટ્રોનિક મેઇલ

**જો આ વિકલ્પ ઉપલબ્ધ હોય, તો માતા-પિતા સૂચનાઓ ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં મેળવવાનું પસંદ કરી શકે.** જો સાર્વજનિક એજન્સી માતા-પિતાને ઇ-મેઇલ દ્વારા દસ્તાવેજો મેળવવાનો વિકલ્પ આપતી હોય, તો તમે ઇ-મેઇલ દ્વારા નિમ્નલિખિત મેળવવાનું પસંદ કરી શકો;

- આગોતરી લેખિત સૂચના;
- કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓની સૂચના; અને
- ડ્યુ પ્રોસેસની માંગણી સંબંધિત સૂચનાઓ.

# આગોતરી લેખિત સૂચના

**માતા-પિતાને તેમના બાળકની અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ અથવા સ્પેશ્યલ એજ્યુકેશનને લગતા સાર્વજનિક એજન્સીએ લીધેલાં પગલાં વિશે લેખિત માહિતી મેળવવાનો અધિકાર છે.**

## સૂચનાઓ:

સાર્વજનિક એજન્સીએ આમાંથી દરેક વખતે માતા-પિતાને લેખિત જાણ કરવી જોઇએ:

- જ્યારે તે કોઇ બાળકની ઓળખ, મૂલ્યાંકન, શૈક્ષણિક કાર્યક્રમ અથવા તેના શિક્ષણપ્રાપ્તિના સ્થાન અથવા બાળકને પૂરા પડાતા યોગ્ય મફત સાર્વજનિક શિક્ષણ (FAPE); અથવા ફક્ત IFSP સેવાઓ માટે બાળક તથા તેના કુટુંબને પૂરી પડાતી અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ શરુ કરવા કે તેમાં ફેરફાર કરવા માંગતી હોય.
- જ્યારે તે કોઇ બાળકની ઓળખ, મૂલ્યાંકન, શૈક્ષણિક કાર્યક્રમ અથવા તેના શિક્ષણપ્રાપ્તિના સ્થાન અથવા બાળકને પૂરા પડાતા FAPE શરુ કરવા કે તેમાં ફેરફાર કરવાની ના પાડે.

જ્યારે લેખિત સૂચના કોઇ એવા કાર્ય માટે હોય જેના માટે માતા-પિતાની સંમતિ જરુરી હોય, સાર્વજનિક એજન્સી તે જ સમયે લેખિત જાણ કરી શકે.

## લેખિત સૂચનામાં સામેલ વિષયવસ્તુ:

લેખિત સૂચનામાં આમ કરવું જ જોઇએ:

- સાર્વજનિક એજન્સીએ જે પગલાં લેવાનો પ્રસ્તાવ મૂક્યો અથવા લેવાનો ઇનકાર કર્યો તે વર્ણવવા;
- સાર્વજનિક એજન્સી તે પગલાં લેવાનો પ્રસ્તાવ અથવા ઇનકાર શા માટે કરી રહી છે તે સમજાવવું,
- જે તે પગલાં લેવાનો પ્રસ્તાવ લેવા કે ઇનકાર કરવામાં આવ્યો હોય, તે નિર્ણય લેવામાં સાર્વજનિક એજન્સીએ જે ઉપયોગમાં લીધી હોય તે દરેક મૂલ્યાંકન પ્રક્રિયા, મૂલ્યાંકન, રેકોર્ડ અથવા રિપોર્ટનું વર્ણન;
- IDEA માં કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીની વ્યવસ્થાઓમાં માતા-પિતાને સુરક્ષા પ્રાપ્ત છે તેવા એક વિધાનનો સમાવેશ;
- જો એજન્સી જે પગલાં લેવાનો પ્રસ્તાવ મૂકતી હોય કે ઇનકાર કરતી હોય તેના મૂલ્યાંકન માટે શરુઆતમાં ભલામણ ન હોય, તો માતા-પિતાને જણાવવું કે તેઓ કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓનું વર્ણન ક્યાંથી મેળવી શકશે;
- IDEA સમજવામાં માતા-પિતા જેમનો સંપર્ક સાધી શકે તેવા સંસાધનો સામેલ કરવા;
- બાળકની ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ ફેમિલિ સર્વિસ પ્લાન (IFSP) ટીમ અથવા ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP) ટીમે વિચાર કર્યા હોય તેવા કોઇ પણ અન્ય વિકલ્પો અને તે અન્ય વિકલ્પો શા માટે નકારવામાં આવ્યા તેના કારણોની વિગતો આપવી; અને
- સાર્વજનિક એજન્સીએ શા માટે કોઇ પગલાં લેવાનો પ્રસ્તાવ મૂક્યો અથવા ઇનકાર કર્યો તેના અન્ય કારણોનું વિગતવાર વર્ણન.

# સંમતિ

## ફક્ત IFSP સેવાઓ માટે માતા-પિતાની સંમતિ:

નીચેના દરેક કાર્ય પહેલાં લેખિત સૂચિત સંમતિ મેળવવામાં આવશે:

- બાળકના પ્રારંભિક મૂલ્યાંકનનું પ્રારંભિક મૂલ્યાંકન

- બાળકના વિકાસને સહાયક બનવા માટે સંસાધનો, પ્રાથમિકતાઓ અને કુટુંબની ચિંતાઓ નક્કી કરવી
- અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ અને વધારાના મૂલ્યાંકનો પૂરા પાડવાનું શરુ કરવું
- જો લેખિત સંમતિ આપવામાં ન આવે, તો સ્થાનિક આગેવાન એજન્સી એ સુનિશ્ચિત કરવાના પૂરતા પ્રયત્નો કરશે કે માતા-પિતા:
  - o જે મૂલ્યાંકન થશે અને જે સેવાઓ પૂરી પાડવામાં આવશે તેની પ્રકૃતિ વિશે બધી જ માહિતી ધરાવે છે અને
  - o સમજે છે કે લેખિત સંમતિ આપવામાં ન આવે ત્યાં સુધી બાળક તે મૂલ્યાંકન કે સેવાઓ મેળવી શકશે નહીં.

## ફક્ત IFSP સેવાઓમાંની કોઇ સેવા અસ્વીકારવાનો માતા-પિતાનો અધિકાર:

કોઇ સેવાઓ મેળવવાને પાત્ર બાળકના માતા-પિતા નક્કી કરી શકે કે શું તેઓ, તેમનું બાળક કે તેમના કુટુંબના અન્ય સભ્યો કોઇ અર્લી ઇન્ટરવેન્શન સેવા સ્વીકારશે કે તેનો અસ્વીકાર કરશે અને એક વાર કોઇ સેવા સ્વીકાર્યા પછી બીજી અર્લી ઇન્ટરવેન્શન સેવાને જોખમાવ્યા વિના તેનો અસ્વીકાર કરી શકે. જો કોઇ માતા-પિતા ત્રણ વર્ષ અથવા તેથી વધુ ઉંમરના બાળક માટે અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ ચાલુ રાખવાનું પસંદ કરે, તો તેમાં એક શૈક્ષણિક ઘટકનો સમાવેશ કરવો જ જોઇએ. જો માતા-પિતા શૈક્ષણિક ઘટક મેળવવા માંગતા ન હોય, તો તેઓ અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ મેળવવાને પાત્ર નથી.

## માતા-પિતાની સંમતિ:

**ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડતા પહેલાં સાર્વજનિક એજન્સીએ બાળકના ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટેના મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ મેળવવી ફરજિયાત છે. માતા-પિતાને કોઇ પણ સમયે સંમતિ પાછી ખેંચી લેવાનો અધિકાર છે. મૂલ્યાંકન માટેની સંમતિને કેટલાક અપવાદો છે.**

સંમતિનો અર્થ એ થાય છે કે માતા-પિતા:

- જે પ્રવૃતિ માટે તેમની સંમતિ માંગવામાં આવી રહી છે, તેના વિશે તેમની માતૃભાષા અથવા અન્ય સંવાદ પદ્ધતિથી બધી જ સંબંધિત માહિતી પૂરેપૂરી આપવામાં આવી છે;
- જે પ્રવૃતિ માટે તેમની સંમતિ માંગવામાં આવી રહી છે તેને સમજે છે અને તે પ્રવૃતિ કરવા લેખિત સંમત થાય છે અને સંમતિમાં તે પ્રવૃતિનું વર્ણન કરવામાં આવ્યું છે અને તેના જાહેર કરવામાં આવનાર રેકૉર્ડ્ઝ (જો કોઇ હોય તો) અને તે કોની આગળ જાહેર કરવામાં આવશે તે દર્શાવે છે; અને
- સમજે છે કે સંમતિ આપવી સ્વૈચ્છિક છે અને તે ગમે તે સમયે રદ કરી શકાય છે.

જો માતા-પિતા સંમતિ પાછી ખેંચી લે, તો તેનાથી સાર્વજનિક એજન્સીએ સંમતિ મેળવી અને તે પાછી ખેંચાઇ તેના વચ્ચેના સમયમાં બનેલી ઘટનાઓ રદ થઇ જતી નથી.

જો માતા-પિતા તેમના બાળકને ખાસ શિક્ષણ સેવાઓ મેળવવાની સંમતિ બાળકને પ્રારંભિક ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવામાં આવે ત્યાર પછી પાછી ખેંચે, તો તેમણે સંમતિ પાછી ખેંચી હોવાથી એ જરુરી નથી કે સાર્વજનિક એજન્સી બાળકના શિક્ષણ સંબંધી રેકૉર્ડ્ઝમાંથી તે બાળકે ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવી હોવાનો ઉલ્લેખ દૂર કરી તેને સુધારે.

## પ્રાથમિક મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ:

કોઇ સાર્વજનિક એજન્સી કોઇ બાળક અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ કે ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવવાને પાત્ર છે કે કેમ તે નિશ્ચિત કરવા માટે બાળકનું પ્રારંભિક મૂલ્યાંકન કરી શકે તે પહેલાં તે સાર્વજનિક એજન્સીએ આ કરવું જ જોઇએ:

- માતા-પિતાને પ્રસ્તાવિત કાર્યની આગોતરી લેખિત જાણ કરવી; <u>અને</u>
- માતા-પિતાની સંમતિ મેળવવી.

સાર્વજનિક એજન્સીએ શું બાળક કોઇ અક્ષમતાવાળું બાળક છે જેને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવામાં આવે તે જરુરી છે કે કેમ તેના પ્રાથમિક મૂલ્યાંકન માટે સૂચિત સંમતિ મેળવવા માટે પૂરતો પ્રયત્ન કરવો જ જોઇએ.

પ્રારંભિક મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિનો અર્થ એવો નથી થતો કે માતા-પિતા સાર્વજનિક એજન્સી તેમના બાળકને અર્લી ઇન્ટરવેન્શન અથવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવા માંડે તે માટે પણ સંમતિ આપે છે.

## ફક્ત IFSP સેવાઓ માટે સરોગેટ (બદલીમાં) માતા-પિતા:

મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન કોઇ પણ સેવા મેળવવા પાત્ર બાળકનું પ્રતિનિધિત્વ કરવા માટે સરોગેટ માતા-પિતા નિયુક્ત કરશે જો:

- માતા-પિતાની ઓળખ ન થઇ શકે
- પૂરતા પ્રયત્નો કર્યા પછી સાર્વજનિક એજન્સી બાળકના માતા-પિતાને શોધી ન શકે
- બાળક સ્ટેટ ઑફ મેરીલેન્ડની સંભાળ હેઠળ હોય

સરોગેટ માતા-પિતા નક્કી કરવાના માપદંડો:

- બાળકના હિત સાથે કોઇ વિરોધ ન હોય
- એવું જ્ઞાન અને કૌશલ્યો ધરાવતા હોય જેનાથી બાળકનું પ્રતિનિધિત્વ યોગ્ય રીતે થઇ શકે
- સરકારી કર્મચારી ન હોય અથવા બાળક અથવા બાળકના કુટુંબને અર્લી ઇન્ટરવેન્શન અથવા અન્ય સેવા પૂરી પાડવામાં સામેલ કોઇ સર્વિસ પ્રોવાઇડરનાં કર્મચારી ન હોય
- કોઇ વ્યક્તિને ફક્ત એટલા માટે જ એજન્સીનો કર્મચારી ન ગણવો જોઇએ કે તે વ્યક્તિને સરોગેટ માતા-પિતા બનવા માટે કોઇ સાર્વજનિક એજન્સી દ્વારા નાણાં ચૂકવવામાં આવે છે

જ્યારે એવી જરૂરિયાત ઓળખાશે ત્યારે સ્થાનિક અગ્રણી એજન્સી મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનને એક બદલીના માતા-પિતાની નિમણૂક કરવાની લેખિત વિનંતી કરશે. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના સુપ્રિન્ટેન્ડન્ટ અથવા તેમણે નીમેલ કોઇ વ્યક્તિ બદલીના માતા-પિતાની ભૂમિકા નિભાવવા માટે કોઇ ભલામણ કરાયેલ વ્યક્તિની નિમણૂંક કરશે.

બદલીના માતા-પિતા નિમ્નલિખિત બાબતો સંબંધી દરેક કિસ્સામાં બાળકનું પ્રતિનિધિત્વ કરી શકશે:

- બાળકનું મૂલ્યાંકન
- વાર્ષિક મૂલ્યાંકનો અને સમયાંતરે કરાતી સમીક્ષા સહિત બાળકના IFSP નો વિકાસ અને અમલીકરણ
- બાળક અને કુટુંબને હાલ પૂરી પડાતી અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ

## સરકારની સંભાળમાં હોય એવા બાળકોના પ્રારંભિક મૂલ્યાંકન માટે ખાસ નિયમો:

જો કોઇ બાળક સરકારની સંભાળમાં હોય અને પોતાના માતા-પિતા સાથે ન રહેતું હોય, તો સાર્વજનિક એજન્સીને નિમ્નલિખિત પરિસ્થિતિઓમાં બાળક અક્ષમતાવાળું બાળક છે કે કેમ તે નિશ્ચિત કરવા માટેના શરુઆતના મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિની જરૂર નથી:

- પૂરતા પ્રયત્નો કરવા છતાં, સાર્વજનિક એજન્સી બાળકના માતા-પિતાને શોધી ન શકે;
- રાજ્યના કાયદાઓ મુજબ માતા-પિતાના અધિકારોનો અંત આણવામાં આવ્યો હોય; અથવા
- કોઇ ન્યાયાધીશે માતા-પિતા સિવાયની કોઇ વ્યક્તિને શિક્ષણ સંબંધી નિર્ણયો લેવાનો અને પ્રારંભિક મૂલ્યાંકનની સંમતિ આપવાનો અધિકાર આપ્યો હોય.

## સેવાઓ માટે માતા-પિતાની સંમતિ:

કોઇ પણ સાર્વજનિક એજન્સીએ બાળકને અર્લી ઇન્ટરવેન્શન અથવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પહેલી વાર પૂરી પાડતા પહેલાં જાણપૂર્વકની સંમતિ મેળવવા માટે પૂરતા પ્રયત્નો કરવા જોઇએ.
નિમ્નલિખિત સ્થિતિઓમાં કોઇ સાર્વજનિક એજન્સીએ કોઇ બાળકને માતા-પિતાની સંમતિ વિના તેની IFSP અથવા IEP ટીમે જેની ભલામણ કરી છે તેવી સેવાઓ પૂરી પાડી શકાય તેવી સહમતિ કે ચુકાદો મેળવવા માટે દરમ્યાનગિરી કે ડ્યુ પ્રોસેસ પ્રક્રિયાઓનો ઉપયોગ કરવો જોઇએ નહીં:

- માતા-પિતા તેમના બાળકને અર્લી ઇન્ટરવેન્શન અથવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવા મળે તે માટે સંમતિ આપવાનો ઇનકાર કરી દે; અથવા
- માતા-પિતા પહેલી વાર ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવા માટે સંમતિ આપવાની વિનંતીનો જવાબ ન આપે.

જો માતા-પિતા તેમના બાળકને પહેલી વાર ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવવાની સંમતિ આપવાનો ઇનકાર કરી દે, અથવા જો માતા-પિતા સંમતિ આપવા માટેની વિનંતિનો જવાબ ન આપે, તો સાર્વજનિક એજન્સી:

- તેમના બાળકને મફત યોગ્ય શિક્ષણ (FAPE) પૂરું પાડવાની ફરજનું ઉલ્લંઘન કરતી નથી; અને

- તે ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ ફેમિલિ સર્વિસ પ્લાન (IFSP) મીટિંગ અથવા ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP) મીટિંગ યોજવા કે તેમના બાળક માટે IFSP/IEP વિકસાવવા બાધ્ય નથી.

## સેવાઓ માટેની માતા-પિતાની સંમતિ પાછી ખેંચવી:

જો કોઇ બાળકના માતા-પિતા સાર્વજનિક એજન્સી ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવાની શરુઆત કરે પછી કોઇ પણ સમયે ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવાનું ચાલુ રાખવા માટેની તેમની સંમતિ લેખિત રુપે પાછી ખેંચી લે, તો સાર્વજનિક એજન્સી-

- સંમતિ રદ કરાયાના કારણે બાળકે ખાસ શિક્ષણ અને સંબંધિત સેવા મેળવ્યાના કોઇ પણ ઉલ્લેખ દૂર કરવા માટે બાળકના શિક્ષણ સંબંધી રેકૉર્ડમાં સુધારો કરવાને બાધ્ય નથી;
- બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવાની ચાલુ ન રાખે, પણ તેણે ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવાની બંધ કરતા પહેલાં માતા-પિતાને બધી ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવાની લેખિત વિનંતિની આગોતરી લેખિત **સૂચના** આપવી ફરજિયાત છે;
- બાળકને સેવાઓ પૂરી પાડી શકાય એવી સહમતિ કે ચુકાદો મેળવવા માટે દરમ્યાનગિરિ કે ડ્યુ પ્રોસેસ પ્રક્રિયાઓનો ઉપયોગ કરી શકશે નહીં;
- બાળકને આગળ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જવાથી બાળકને FAPE ઉપલબ્ધ કરાવવાની ફરજ ચૂકી હોવાનું ગણાશે નહીં; અને
- આગળ ઉપર ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવા માટે બાળકના માટે IEP વિકસાવવા IEP ટીમની મીટિંગ બોલાવવા બાધ્ય નથી.

સંમતિ પાછી ખેંચાવાથી સાર્વજનિક એજન્સીએ મંજૂરી મેળવી અને તે પાછી ખેંચાઇ તે બેની વચ્ચેના સમયગાળામાં થયેલી કોઇ પણ ક્રિયા રદ થઇ જતી નથી.

## પુનર્મૂલ્યાંકનો માટે માતા-પિતાની સંમતિ:

સાર્વજનિક એજન્સીએ કોઇ પણ બાળકનું નવું વ્યક્તિગત મૂલ્યાંકન કરતા પહેલાં સૂચિત સંમતિ મેળવવી પડશે, સિવાય કે સાર્વજનિક એજન્સી દર્શાવી શકે કે:

- તેણે પુનર્મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ મેળવવા પૂરતાં પગલાં લીધાં; અને
- માતા-પિતાએ જવાબ ન આપ્યો.

જો માતા-પિતા નવી મૂલવણીઓ માટે સંમતિ આપવાનો ઇનકાર કરી દે, તો સાર્વજનિક એજન્સી દરમ્યાનગિરિ અને ડ્યુ પ્રોસેસ પ્રક્રિયાઓથી માતા-પિતાના નકારની ઉપરવટ જવાનો પ્રયત્ન કરી શકે, પણ તે એમ કરવા માટે બાધ્ય નથી. જેમ પ્રારંભિક મૂલ્યાંકનમાં થાય છે તેમજ જો તે નવું મૂલ્યાંકન કરવાની ના પાડી દે તો સાર્વજનિક એજન્સી IDEA હેઠળની પોતાની ફરજોનું ઉલ્લંઘન કરતી નથી.

## માતા-પિતાની સંમતિ મેળવવા કરાયેલા પૂરતા પ્રયત્નોની દસ્તાવેજી નોંધ:

સાર્વજનિક એજન્સીએ શરુઆતના મૂલ્યાંકનો, પહેલી વાર અર્લી ઇન્ટરવેન્શન અથવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવા, પુનર્મૂલ્યાંકન કરવા માટે માતા-પિતાની સંમતિ મેળવવા અને સરકારની સંભાળમાં રહેતા બાળકોના પ્રાથમિક મૂલ્યાંકન માટે તેમના માતા-પિતાને શોધવા કરેલ પૂરતા પ્રયત્નોની દસ્તાવેજી નોંધ રાખવી જોઇએ.

દસ્તાવેજી નોંધમાં સાર્વજનિક એજન્સીના માતા-પિતાની સંમતિ મેળવવાના નિમ્નલિખિત પ્રયત્નોની નોંધ સામેલ હોવી જોઇએ:

- જે ફોન કૉલ કરવામાં આવ્યા હોય અથવા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેના વિગતવાર રેકૉર્ડ અને આ કૉલ્સનાં પરિણામો;
- માતા-પિતાને મોકલવામાં આવેલ કોઇ પણ પત્રો અને મળેલા કોઇ પણ જવાબોની નકલો; અને
- માતા-પિતાના ઘર અથવા કાર્યસ્થળની કોઇ પણ મુલાકાતના વિગતવાર રેકૉર્ડ તેમજ આ મુલાકાતોના પરિણામો.

## સંમતિની અન્ય જરુરિયાતો:

સાર્વજનિક એજન્સી આ કાર્યો કરે તે પહેલાં માતા-પિતાની સંમતિની જરૂર નથી:

- તમારા બાળકના મૂલ્યાંકન અથવા પુનર્મૂલ્યાંકનના ભાગ રુપે અસ્તિત્વમાન માહિતીની સમીક્ષા કરે; અથવા
- તમારા બાળકની કોઇ એવી પરીક્ષા કે અન્ય મૂલ્યાંકન કરે જે બધા જ બાળકોને અપાતું હોય, સિવાય કે એ પરીક્ષા અથવા મૂલ્યાંકન કરતા પહેલાં બધા જ બાળકોના માતા-પિતાની સંમતિ લેવી જરુરી હોય.

સાર્વજનિક એજન્સી માતા-પિતાએ કોઇ એક સેવા કે પ્રવૃત્તિના કરેલા ઇનકારનો ઉપયોગ માતા-પિતા કે બાળકને બીજી કોઇ પણ સેવા, લાભ કે પ્રવૃત્તિ પૂરી પાડવા ઇનકાર કરવા કરી શકે નહીં.

જો માતા-પિતા પોતાના ખર્ચે તેમના બાળકને કોઇ ખાનગી શાળામાં દાખલ કરી દે, તો સાર્વજનિક એજન્સી બાળકની પાત્રતા નિશ્ચિત કરવા માટે દરમ્યાનગિરિ કે ડ્યુ પ્રોસેસ પ્રક્રિયાઓનો ઉપયોગ કરી શકે નહીં અને તે બાળકને સમાન સેવાઓ મેળવવા પાત્ર ગણવા બાધ્ય નથી જો:

- માતા-પિતા તેમના બાળકના પ્રારંભિક મૂલ્યાંકન કે પુનર્મૂલ્યાંકન માટે સંમતિ પૂરી ન પાડે; અથવા
- માતા-પિતા સંમતિ પૂરી પાડવાની વિનંતીનો જવાબ ન આપે.

## સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન

**જો કોઇ માતા-પિતા સાર્વજનિક એજન્સીએ કરેલ મૂલ્યાંકન સાથે અસંમત હોય, તો તેમને તે સાર્વજનિક એજન્સી માટે કામ ન કરતી હોય એવી કોઇ વ્યક્તિ પાસે તેમના બાળકનું મૂલ્યાંકન કરાવવાનો અધિકાર છે.**

### વ્યાખ્યાઓ:

- સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકનનો અર્થ થાય બાળકના શિક્ષણ માટે જવાબદાર હોય તેવી સાર્વજનિક એજન્સી માટે કામ ન કરતી હોય તેવી યોગ્યતાપ્રાપ્ત વ્યક્તિ દ્વારા લેવાયેલી પરીક્ષાઓ અને મૂલ્યાંકન પ્રક્રિયાઓ; અને
- જાહેર ખર્ચનો અર્થ થાય કે ક્યાં તો સાર્વજનિક એજન્સી મૂલ્યાંકનનો બધો ખર્ચ ચૂકવે અથવા નિશ્ચિત કરે કે કોઇ અન્ય રીતે માતા-પિતાને કોઇ પણ ખર્ચ વિના મૂલ્યાંકન પૂરું પાડવામાં આવે.

માતા-પિતાને IDEA હેઠળ નીચે દર્શાવેલી પ્રક્રિયા અંતર્ગત તેમના બાળક માટે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન મેળવવાનો અધિકાર છે. સાર્વજનિક એજન્સી, સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકનની માંગણી કરાયાથી માતા-પિતાને નિમ્નલિખિત બાબતો વિશે માહિતી પૂરી પાડશે:

- સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન ક્યાં મેળવી શકાય; અને
- સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન બાબતે સાર્વજનિક એજન્સીના કયા માપદંડ લાગુ પડે છે.

## સાર્વજનિક એજન્સીના માપદંડ:

જ્યારે કોઇ સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન જાહેર ખર્ચે કરવામાં આવે, ત્યારે મૂલ્યાંકનના સ્થળ અને પરીક્ષકની લાયકાત સહિત જે માપદંડો હેઠળ સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવે તે માપદંડો સાર્વજનિક એજન્સી જ્યારે કોઇ મૂલ્યાંકન શરુ કરે ત્યારે જે માપદંડોનો ઉપયોગ કરે તેના જેવા જ હોઇએ, જ્યાં સુધી તે માતા-પિતાના સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરાવવાના અધિકાર સાથે સુસંગત હોય. ઉપર વર્ણવેલા માપદંડો સિવાય સાર્વજનિક એજન્સી જાહેર ખર્ચે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન મેળવવા બાબતે કોઇ શરતો કે સમયસીમાઓ લાગુ કરી શકે નહીં.

## જાહેર ખર્ચે મૂલ્યાંકન કરાવવાનો માતા-પિતાનો અધિકાર:

જો માતા-પિતા સાર્વજનિક એજન્સીએ મેળવેલ મૂલ્યાંકન સાથે અસંમત હોય, તો તેમને જાહેર ખર્ચે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન મેળવવાનો અધિકાર છે. જો માતા-પિતા જાહેર ખર્ચે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકનની માંગણી કરે, તો સાર્વજનિક એજન્સીએ કોઇ પણ અકારણ વિલંબ વિના કાં તો:

- તેનું મૂલ્યાંકન બરાબર છે તેમ દર્શાવવા માટે ડ્યુ પ્રોસેસ હિયરિંગ શરુ કરાવશે; અથવા
- નિશ્ચિત કરશે કે જાહેર ખર્ચે એક સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવે, સિવાય કે સાર્વજનિક એજન્સી ડ્યુ પ્રોસેસ હિયરિંગમાં દર્શાવે કે માતા-પિતાએ મેળવેલ મૂલ્યાંકન સાર્વજનિક એજન્સીના માપદંડ પૂરાં કરતું ન હતું.

જો સાર્વજનિક એજન્સી ડ્યુ પ્રોસેસ હિયરિંગ શરુ કરાવે અને તેનો અંતિમ ચુકાદો એવો આવે કે સાર્વજનિક એજન્સીનું મૂલ્યાંકન યોગ્ય છે; તો પણ માતા-પિતાને સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરાવવાનો અધિકાર છે, પણ જાહેર ખર્ચે નહીં.

જો માતા-પિતા સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકનની માંગણી કરે, તો સરકારી એજન્સી માતા-પિતાને પૂછી શકે કે તેઓ શા માટે સાર્વજનિક મૂલ્યાંકનનો વિરોધ કરે છે. જો કે માતા-પિતાએ તેનો જ્વાબ આપવો ફરજિયાત નથી અને સાર્વજનિક એજન્સી અયોગ્ય રીતે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન પૂરું પાડવામાં કે સાર્વજનિક એજન્સીના મૂલ્યાંકનનો બચાવ કરવા માટે ડ્યુ પ્રોસેસ હિયરિંગ શરુ કરવામાં અયોગ્ય ઢીલ કરી શકે નહીં.

## માતા-પિતાએ શરુ કરાવેલું મૂલ્યાંકન:

માતા-પિતાને હંમેશા તેમના પોતાના ખર્ચે તેમની પસંદગીના લાયકાત ધરાવતા વ્યાવસાયિકો પાસેથી સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરાવવાનો અધિકાર છે. જ્યારે તેઓ બાળકને FAPE પૂરું પાડવા સંબંધી કોઇ પણ નિર્ણયો લેતા હોય ત્યારે IFSP/IEP ટીમે જો તે સાર્વજનિક એજન્સીના માપદંડો પૂરાં કરતું હોય, તો પોતાના ખર્ચે માતા-પિતાએ કરાવેલ મૂલ્યાંકનમાંથી મળેલ માહિતીને પણ ધ્યાનમાં રાખવી જોઇએ. માતા-પિતાએ કરાવેલ ખાનગી મૂલ્યાંકનના પરિણામો બાળક વિશેના કોઇ ડ્યુ પ્રોસેસ હિયરિંગમાં પુરાવા તરીકે પણ રજૂ કરી શકાય.

## કોઇ એડમિનિસ્ટ્રેટિવ લૉ જજ (ન્યાયાધીશ - ALJ) દ્વારા મૂલ્યાંકન કરાવવાની માંગણી:

જો ઑફિસ ઑફ એડમિનિસ્ટ્રેટિવ હિયરિંગ્સ (OAH) ના કોઇ એડમિનિસ્ટ્રેટિવ લૉ જજ (ALJ) કોઇ ડ્યુ પ્રોસેસિંગ હિયરિંગના ભાગ રુપે કોઇસ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકનની માંગણી કરે, તો તે મૂલ્યાંકન જાહેર ખર્ચે જ કરાવું જોઇએ.

# માહિતીની ગુપ્તતા

**માતા-પિતાને તેમના બાળકના રેકૉર્ડ્ઝ જોવાની અને જો તેમને લાગે કે રેકૉર્ડ સાચો નથી તો સાર્વજનિક એજન્સીને તેમના બાળકનો રેકોર્ડ સુધારવા કહેવાનો અધિકાર છે. માતા-પિતાને તેમના બાળક વિશેની માહિતી જાહેર કરવાની સંમતિ આપવાનો અધિકાર છે, છતાં કેટલીક પરિસ્થિતિઓમાં સંમતિ જરુરી નથી. માતા-પિતાને સાર્વજનિક એજન્સી પાસે એવી અપેક્ષા રાખવાનો અધિકાર છે કે સાર્વજનિક એજન્સી તેમના બાળકના અર્લી ઇન્ટરવેન્શન અથવા શૈક્ષણિક રેકૉર્ડ્ઝ ગુપ્ત રાખે અને જ્યારે તેની જરુર ન હોય ત્યારે સાર્વજનિક એજન્સીને તેમના બાળકની શૈક્ષણિક માહિતીનો નાશ કરવા કહી શકે.**

## વ્યાખ્યાઓ:

નાશ કરવાનો અર્થ થાય છે માહિતી પરથી વ્યક્તિગત ઓળખના ચિહ્નોનો નાશ કરવો અથવા તેમને દૂર કરવા જેથી માહિતીની વ્યક્તિગત ઓળખ ન કરી શકાય.

શૈક્ષણિક રેકૉર્ડ્ઝનો અર્થ થાય છે અર્લી ઇન્ટરવેન્શનના રેકૉર્ડ્ઝ સહિત 34 C.F.R. ના ભાગ 99 (1974ના ફેમિલિ એજ્યુકેશનલ રાઇટ્સ એન્ડ પ્રાયવસી એક્ટ [FERPA] નો અમલ કરતા નિયમો)માં "શૈક્ષણિક રેકૉર્ડ્ઝ"ની વ્યાખ્યા હેઠળ આવતા રેકૉર્ડ્ઝ.

ભાગ લેનાર એજન્સીનો અર્થ છે એવી કોઇ પણ એજન્સી કે સંસ્થા જે વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતી એકઠી કરતી હોય, જાળવતી હોય, કે તેનો ઉપયોગ કરતી હોય, અથવા જેની પાસેથી IDEAના ભાગ C અથવા ભાગ B હેઠળ માહિતી મેળવવામાં આવતી હોય.

વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતીમાં આ બધાંનો સમાવેશ થાય છે:

- બાળક, બાળકના માતા-પિતા, અથવા કુટુંબના કોઇ પણ સભ્યનું નામ;
- બાળકનું સરનામું;
- વ્યક્તિગત ઓળખનું કોઇ ચિહ્ન, જેમ કે બાળકનો સોશ્યલ સિક્યુરિટી નંબર; અથવા
- વ્યક્તિગત લક્ષણોની યાદી અથવા કોઇ અન્ય માહિતી જેના વડે બાળકને ખાત્રીપૂર્વક ઓળખી શકાય.

## બાંહેધરીઓ:

દરેક ભાગ લેનાર એજન્સી વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતી એકઠી કરવા, સાચવવા, જાહેર કરવા અને નાશ કરવાના તબક્કામાં તેની ગુપ્તતા જાળવશે. વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતીની ગુપ્તતા જાળવવાની જ્વાબદારી સાર્વજનિક એજન્સીના એક અધિકારીની છે. કાર્યપ્રણાલીની આ બાંહેધરીઓ સિવાય કેન્દ્ર તેમજ રાજ્યના કાયદાઓ પણ શૈક્ષણિક રેકૉર્ડ્ઝની સુરક્ષા માટે જ્વાબદાર છે. સાર્વજનિક એજન્સીના જે કોઇ કર્મચારીઓ વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતી એકઠી કરતા હોય કે તેનો ઉપયોગ કરતા હોય, તેમને વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતીની ગુપ્તતા અંગે રાજ્યની નીતિ અને પ્રક્રિયાઓની તાલીમ મળવી જોઇએ. ભાગ લેનાર દરેક એજન્સી જનતાના નિરીક્ષણ માટે વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતીની પહોંચ ધરાવતા એજન્સીના દરેક કર્મચારીઓના નામ અને હોદ્દાની વર્તમાન યાદી જાળવશે.

## સંમતિ:

IDEA હેઠળ વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતી એકઠી કરનાર કે તેનો ઉપયોગ કરનાર ભાગ લેનાર એજન્સીઓના અધિકારીઓ સિવાયની કોઇ વ્યક્તિને માહિતી જણાવવામાં આવે, અથવા અક્ષમતાવાળા કોઇ બાળકને IDEA હેઠળ FAPE પૂરું પાડવાની જરૂરિયાતો પૂરી કરવા સિવાયના કોઇ ઉદ્દેશ્યથી એકઠી કરવામાં આવે તે પહેલાં સાર્વજનિક એજન્સીએ માતા-પિતાની સંમતિ મેળવવી પડશે. અક્ષમતાવાળા કોઇ બાળકે કરેલ ગુનાનો રિપોર્ટ કરવા માટે કાયદાકીય એજન્સીઓ તેમજ ન્યાયિક સત્તાઓને કરાયેલ ભલામણ અથવા તેમણે લીધેલ પગલાંમાં જાહેર થયેલી માહિતી માટે FERPA દ્વારા પરવાનગી અપાયેલ સીમા સુધી આ માહિતી આપવા માટે માતા-પિતાની સંમતિ જરૂરી નથી.
સાર્વજનિક એજન્સીને FERPA અંતર્ગત અધિકાર મળેલો હોય તે સિવાય, ભાગ લેનાર એજન્સીઓને માતા-પિતાની સંમતિ વિના શૈક્ષણિક રેકૉર્ડ્ઝમાંની માહિતી આપી શકશે નહીં. MSDE સાર્વજનિક એજન્સીઓ માટે દંડની જોગવાઇ સહિતની નીતિઓ અને પ્રક્રિયાઓ તૈયાર કરી છે જેનો સરકાર તેની નીતિઓ અને પ્રક્રિયાઓ પર અમલ થાય છે, અને IDEA અને FERPA મુજબની ગુપ્તતાની જરૂરિયાતો પૂરી કરવામાં આવે છે તે નિશ્ચિત કરવા ઉપયોગ કરે છે.

દરેક સાર્વજનિક એજન્સી માટે માતા-પિતાને વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતીની ગુપ્તતાની જરૂરિયાતો વિશે માહિતી આપવા માટે પૂરતી સૂચના કેવી રીતે આપવામાં આવે છે તે માટે પ્રક્રિયાઓ હોવી જરૂરી છે. આ સૂચનામાં આ સમાવેશ થવો જરૂરી છે:

- સૂચના રાજ્યના વિવિધ વસ્તી જૂથોની માતૃભાષામાં આપવામાં આવે છે, તેનું વિગતવાર પ્રમાણ;
- એ બાબતની માહિતી કે કેવા બાળકોની વ્યક્તિગત ઓળખ થઇ શકે એવી માહિતી મેળવવામાં અને જાળવવામાં આવે છે, અને કેવી માહિતી માંગવામાં આવે છે;

- વ્યક્તિગત ઓળખ થઇ શકે એવી માહિતીનો સંગ્રહ, ત્રીજા પક્ષોને તેની જાણ કરવી, તેની જાળવણી, અને તેના નાશ માટે ભાગ લેનાર એજન્સીઓએ જે નીતિઓ અને પ્રક્રિયાઓ અનુસરવાની રહે છે તેનો ટૂંકો સાર;
- જો માતા-પિતા સંમતિ આપવાની ના પાડે તો જે નીતિઓ અને પ્રક્રિયાઓનો ઉપયોગ કરાવો જોઇએ તેમનું વર્ણન; અને
- FERPA હેઠળના અધિકારો અને 34 C.F.R. §99માંના નિયમોના અમલ સહિત આ માહિતી બાબતના માતા-પિતા અને બાળકોના બધા જ અધિકારોનું વર્ણન.

કોઇ પણ મુખ્ય ઓળખ, સ્થાન કે મૂલ્યાંકન પ્રવૃત્તિ પહેલાં તેની સૂચના છપાવી જોઇએ અથવા છાપાં કે અન્ય પ્રસાર માધ્યમોમાં તેની જાહેરાત થવી જોઇએ, અથવા બંને કરાવું જોઇએ, અને તેનો ફેલાવો પ્રવૃત્તિના આખાય અધિકારક્ષેત્રમાં વસતા માતા-પિતાને જાણ કરવા માટે પૂરતો હોવો જોઇએ.

## પહોંચ સંબંધી અધિકારો:

દરેક સાર્વજનિક એજન્સી માતા-પિતાને તેમના બાળક સાથે સંબંધિત કોઇ પણ શૈક્ષણિક રેકૉર્ડ્ઝનું નિરીક્ષણ અને સમીક્ષા કરવાની પરવાનગી આપશે જે તેમના બાળકની ઓળખ, મૂલ્યાંકન, અને શિક્ષણ માટે સ્થાન અપાવા સાથે, અને IFSP વિકસાવવા અને અમલમાં મૂકવા અને FAPE પૂરું પડાવા બાબતે એકઠા કરાતા, જળવાતા કે સાર્વજનિક એજન્સી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા હોય. સાર્વજનિક એજન્સી કોઇ પણ બિનજરૂરી વિલંબ વિના અને IFSP અથવા IEP વિશેની કોઇ પણ મીટિંગ અથવા ડ્યુ પ્રોસેસ હિયરિંગ પહેલાં અને કોઇ પણ સંજોગોમાં માંગણી કરાયાના 45 દિવસની અંદર (રેકૉર્ડ્ઝ જોવાની) કોઇ પણ વિનંતીને પૂરી કરશે.

આ વિભાગ હેઠળના માતા-પિતાના શૈક્ષણિક રેકૉર્ડ્ઝનું નિરીક્ષણ અને તેની સમીક્ષા કરવાના અધિકારમાં માતા-પિતાના આ અધિકારો સામેલ છે:

- કોઇ પણ બાબત સમજાવવા અને રેકૉર્ડ્ઝની વિગતો સમજાવવાની વાજબી માંગણીઓ પરત્વે સાર્વજનિક એજન્સીનો જવાબ મેળવવાનો અધિકાર;
- જો નકલો આપવામાં ન આવે તેનાથી માતા-પિતાને તેમના બાળકના રેકૉર્ડ્ઝનું નિરીક્ષણ કરવાના અધિકારના ઉપયોગમાં અડચણ પડવાની હોય તો સાર્વજનિક એજન્સી તેમને બાળકના રેકૉર્ડ્ઝની નકલ પૂરી પાડે તેવી માંગણી કરવાનો અધિકાર; અને
- માતા-પિતાના પ્રતિનિધિ પાસે રેકૉર્ડ્ઝનું નિરીક્ષણ અને સમીક્ષા કરાવવાનો અધિકાર.

સાર્વજનિક એજન્સી એવું ધારી લઇ શકે કે માતા-પિતાને તેમના બાળક સાથે સંબંધિત રેકૉર્ડ્ઝનું નિરીક્ષણ અને સમીક્ષા કરવાનો અધિકાર છે, સિવાય કે તેમને એવી જાણ કરવામાં આવી હોય કે કોઇ માતા-પિતાને વાલીપણું, અલગ પડવું અને છૂટાછેડા જેવી બાબતોમાં રાજ્યના લાગુ પડતા કાયદાઓ હેઠળ તેમ કરવાનો અધિકાર નથી.

## પહોંચનો રેકૉર્ડ:

દરેક સાર્વજનિક એજન્સી માતા-પિતા અને સાર્વજનિક એજન્સીઓના અધિકૃત કર્મચારીઓ સિવાય IDEA ના ભાગ C અથવા ભાગ B હેઠળ એકઠા કરાયેલ, જળવાયેલ કે ઉપયોગમાં લેવાતા શૈક્ષણિક રેકૉર્ડ્ઝ સુધી પહોંચતી દરેક વ્યક્તિની નોંધ રાખશે. આ નોંધમાં તે વ્યક્તિનું નામ, તેને જે તારીખે પહોંચ આપવામાં આવી હતી તે તારીખ, અને વ્યક્તિને કયા ઉદ્દેશ્યથી રેકૉર્ડ્ઝનો ઉપયોગ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે, તેનો સમાવેશ થશે. જો કોઇ શૈક્ષણિક રેકૉર્ડમાં એકથી વધુ બાળક વિશેની માહિતી હોય, તો માતા-પિતાને માત્ર તેમના બાળક સાથે સંબંધિત માહિતીનું નિરીક્ષણ અને સમીક્ષા કરવાનો કે તે માહિતીની જાણ કરવાનો અધિકાર છે. દરેક સાર્વજનિક એજન્સી માંગણી કરવાથી માતા-પિતાને તે સાર્વજનિક એજન્સી દ્વારા એકઠા કરાતા, જાળવવામાં આવતા અને ઉપયોગમાં લેવાતા શૈક્ષણિક રેકૉર્ડ્ઝના પ્રકારો અને સ્થાનોની માહિતી પૂરી પાડશે. દરેક સાર્વજનિક એજન્સી, જો તે ફી માતા-પિતાને તેમના રેકૉર્ડ્ઝના નિરીક્ષણ અને સમીક્ષાના અધિકારનો ઉપયોગ કરવાથી રોકતી ન હોય, તો માતા-પિતા માટે શૈક્ષણિક રેકૉર્ડ્ઝની નકલ માટે ફી લઇ શકે. કોઇ પણ સાર્વજનિક એજન્સી શૈક્ષણિક રેકૉર્ડ્ઝમાંથી માહિતી શોધવા કે મેળવવા માટે ફી લઇ શકે નહીં.

## માતા-પિતાની વિનંતીથી રેકૉર્ડમાં ફેરફાર:

જો કોઇ માતા-પિતાને એવું લાગતું હોય કે IDEA હેઠળ એકઠા કરાયેલ, જળવાયેલ કે ઉપયોગમાં લેવાયેલ શૈક્ષણિક રેકૉર્ડ્ઝ ભૂલવાળા કે ખોટી માહિતી આપતા છે અથવા તેમના બાળકની ગુપ્તતા કે અન્ય અધિકારોનું ઉલ્લંઘન કરે છે, તો માતા-પિતા તે માહિતી જાળવનાર સાર્વજનિક એજન્સીને તે માહિતીમાં ફેરફાર કરવા કહી શકે. સાર્વજનિક

એજન્સી માંગણી મળવાના વાજબી સમયમાં નક્કી કરશે કે તે માતા-પિતાની માંગણી મુજબ માહિતીમાં ફેરફાર કરશે કે કેમ. જો સાર્વજનિક એજન્સી માંગણી મુજબ માહિતીમાં ફેરફાર કરવાનો ઇનકાર કરે તો તે માતા-પિતાને તેના ઇનકારની જાણ કરશે અને માતા-પિતાને શૈક્ષણિક રેકૉર્ડમાંની માહિતી સામે વાંધો ઉઠાવવાના તેમના અધિકારની જાણ કરશે. શૈક્ષણિક રેકૉર્ડમાંની માહિતી સામે વાંધો ઉઠાવવાના હિયરિંગનું કામ 34 C.F.R. §99.22 માં દર્શાવાયેલ FERPA પ્રક્રિયાઓ મુજબ ચલાવવામાં આવવું જોઇએ.

સાર્વજનિક એજન્સી માંગણી કરવાથી માતા-પિતાને શૈક્ષણિક રેકૉર્ડમાંની માહિતી ભૂલવાળી, ખોટી માહિતી આપતી કે કોઇ બીજી રીતે તમારા બાળકના ગુપ્તતાના કે અન્ય અધિકારોનું ઉલ્લંઘન નથી કરતી તે નિશ્ચિત કરવા માટે શૈક્ષણિક રેકૉર્ડ્ઝ સામે વાંધો ઉઠાવવા માટે હિયરિંગની તક પૂરી પાડશે. જો હિયરિંગના પરિણામે સાર્વજનિક એજન્સી નક્કી કરે કે માહિતી ભૂલવાળી, ખોટી માહિતી આપતી કે કોઇ બીજી રીતે તમારા બાળકના ગુપ્તતાના કે અન્ય અધિકારોનું ઉલ્લંઘન કરતી છે, તો સાર્વજનિક એજન્સી તે પ્રમાણે માહિતીમાં ફેરફાર કરશે અને માતા-પિતાને તે ફેરફારની લેખિત જાણ કરશે. જો હિયરિંગના પરિણામે સાર્વજનિક એજન્સી નક્કી કરે કે માહિતી ભૂલવાળી, ખોટી માહિતી આપતી કે કોઇ બીજી રીતે તમારા બાળકના ગુપ્તતાના કે અન્ય અધિકારોનું ઉલ્લંઘન કરતી નથી, તો તે સાર્વજનિક એજન્સી માતા-પિતાને તે તેમના બાળક વિશે જે રેકૉર્ડ્ઝ જાળવે છે, તેમાં માહિતી વિશે ટિપ્પણી કરતું વિધાન અથવા તે સાર્વજનિક એજન્સીના નિર્ણય સાથે શા માટે અસંમત છે તે કારણો દર્શાવતું વિધાન જોડવાના અધિકારની લેખિત જાણ કરશે. તમારા બાળકના રેકૉર્ડ્ઝમાં મૂકાયેલ કોઇ પણ વિગતવાર નિવેદન:

- સાર્વજનિક એજન્સી દ્વારા બાળકના રેકૉર્ડના ભાગ રુપે ત્યાં સુધી જાળવવામાં આવવું જોઇએ, જ્યાં સુધી તે રેકૉર્ડ અથવા તેમાંથી જેનો વિરોધ થયો છે તે ભાગ સાર્વજનિક એજન્સી દ્વારા જાળવવામાં આવે; અને
- બાળકના રેકૉર્ડ અથવા તેના જેનો વિરોધ થયો છે તે ભાગની નકલની માંગણી કરવામાં આવે તો તે વ્યક્તિને તે વિગતવાર નિવેદન પણ આપવામાં આવવું જોઇએ.

## <u>માહિતીના નાશ માટેની પ્રક્રિયાઓ:</u>

જ્યારે IDEA હેઠળ એકઠી કરાયેલી, જાળવાયેલી કે ઉપયોગમાં લેવાતી વ્યક્તિગત ઓળખ કરી શકાય એવી માહિતીની તેમના બાળકને અર્લી ઇન્ટરવેન્શન કે શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા માટે જરૂર ન હોય, સાર્વજનિક એજન્સીએ માતા-પિતાને જાણ કરવાની રહે છે. આ માહિતીનો માતા-પિતા દ્વારા માંગણી કરવામાં આવે તો નાશ કરવો જ જોઇએ. જો કે બાળકના નામ, સરનામું, ટેલિફોન નંબર, બાળકની ગ્રેડ્ઝ, તેની હાજરીનો રેકૉર્ડ, તેણે હાજરી આપી હોય તે વર્ગો, તેણે પૂરાં કરેલ ગ્રેડ સ્તરો અને પૂરા કરેલ વર્ષ વિશેની માહિતી કોઇ પણ સમયસીમા વિના જાળવી શકાય છે.

## <u>બાળકોના અધિકારો:</u>

FERPA માટેના નિયમો હેઠળ, જ્યારે બાળક 18 વર્ષની ઉંમરનું થાય ત્યારે બાળકના શૈક્ષણિક અધિકારો અંગેના માતા-પિતાના અધિકારો બાળકને સોંપાઇ જાય છે, સિવાય કે બાળકની અક્ષમતા તેને રાજ્યના કાયદા હેઠળ અસમર્થ બનાવતી હોય. જો IDEA ના ભાગ B હેઠળ માતા-પિતાના અધિકારો પુખ્ત વયે બાળકને હસ્તાંતરિત થઇ જતા હોય, તો શૈક્ષણિક રેકૉર્ડ્ઝ સંબંધી અધિકારો પણ બાળકને હસ્તાંતરિત થઇ જવા જોઇએ. જોકે, સાર્વજનિક એજન્સીએ IDEA હેઠળ જરૂરી હોય તેવી કોઇ પણ સૂચના માતા-પિતા અને બાળકને મોકલવી જોઇએ. વધુ વિગતવાર માહિતી માટે “પુખ્ત વયે પહોંચવાથી માતા-પિતાના અધિકારોનું હસ્તાંતરણ” જુઓ.

## <u>શિસ્ત સંબંધી માહિતી:</u>

કોઇ સાર્વજનિક એજન્સી કોઇ બાળકના રેકૉર્ડ્ઝમાં તે બાળક વિરુદ્ધ લેવાયેલા કોઇ પણ શિસ્તનાં પગલાંનું વિધાન સામેલ કરી શકે અને શિસ્ત સંબંધી માહિતી અન્ય લોકોને આપી શકે; પણ તે કોઇ પણ અક્ષમતા ન ધરાવતા બાળકના રેકૉર્ડમાં જે હદ સુધી શિસ્તનાં પગલાં વિશે માહિતી સામેલ કરવામાં આવે છે અને અન્ય લોકોને આપવામાં આવે છે ત્યાં સુધી જ. આ વિધાનમાં બાળકે કરેલ એવું કોઇ પણ વર્તન જેના લીધે શિસ્તનાં પગલાં લેવા પડયાં તેની વિગતો, જે શિસ્તનાં પગલાં લેવાયા તેની વિગતો અને બીજી કોઇ પણ એવી માહિતી જે બાળકની અને તેની સાથે સંકળાયેલા બીજાં લોકોની સુરક્ષા માટે સંબદ્ધ હોય, તેવી કોઇ પણ માહિતીનો સમાવેશ થઇ શકે. જો બાળક એક શાળામાંથી બીજી શાળામાં જાય, તો ત્યાં મોકલાતી માહિતીમાં બાળકના રેકૉર્ડ્ઝમાં બાળકના હાલના IEP ની વિગતો તેમજ બાળક સાથે હાલ અથવા અગાઉ લેવાયેલા કોઇ પણ શિસ્તનાં પગલાંની વિગતોના વિધાનનો સમાવેશ થવો જ જોઇએ.

# અક્ષમતાઓવાળા બાળકોનું શિસ્તપાલન

નિમ્નલિખિત માહિતી 3થી 21 વર્ષની ઉંમરના અક્ષમતાઓવાળા એક્સ્ટેન્ડેડ IFSP અથવા IEP દ્વારા સેવાઓ મેળવતા બાળકોને લાગુ પડે છે.

**જો સાર્વજનિક એજન્સી તેમના બાળક વિરુદ્ધ શિસ્તનાં પગલાં લે તો માતા-પિતાને કેટલીક ખાસ પ્રક્રિયાઓ અને સુરક્ષા મેળવવાનો અધિકાર છે. બાળકને વિદ્યાર્થી આચારસંહિતાના ભંગ માટે કોઇ પણ શાળાકીય વર્ષમાં 10 દિવસથી વધુ સમય માટે શાળાથી દૂર કરવામાં આવે તો સાર્વજનિક એજન્સીએ બાળકને શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવાની રહેશે.**

## વ્યાખ્યાઓ:

આ ભાગના ઉદ્દેશ્યો માટે નિમ્નલિખિત વ્યાખ્યાઓ લાગુ પડે છે:

- નિયંત્રિત પદાર્થનો અર્થ થાય છે એવી કોઇ પણ દવા અથવા પદાર્થ જે કન્ટ્રોલ્ડ સબસ્ટન્સિઝ એક્ટ (21 U.S.C. 812(c)) ના વિભાગ 202(c) માં શિડ્યુલ I, II, III, IV અથવા V માં ઓળખવામાં આવેલ હોય.
- ગેરકાયદેસર દવાનો અર્થ કોઇ નિયંત્રિત પદાર્થ થાય છે, પણ તેમાં એવા કોઇ પદાર્થનો સમાવેશ નથી થતો જે કાયદેસર મેળવવામાં આવ્યો હોય, અથવા કોઇ લાઇસન્સધારી આરોગ્ય સંભાળ વ્યાવસાયિકના નિરીક્ષણ હેઠળ લેવામાં આવતો હોય, IDEA અથવા કેન્દ્રીય કાયદાની જોગવાઇઓ હેઠળ કોઇ બીજા સત્તાધારી હેઠળ મેળવાયો અથવા લેવાતો હોય.
- હથિયારનો અર્થ અહીં યુનાઇટેડ સ્ટેટ્સ કોડના ટાઇટલ 18 ના સેક્શન 930 ના પ્રથમ સબસેક્શન (g) ના ફકરા 2 માં અપાયેલ "જોખમી હથિયાર" શબ્દના અર્થ જેવો છે.
- ગંભીર શારીરિક ઇજાનો અર્થ એવી શારીરિક ઇજા થાય છે જેમાં મૃત્યુ, તીવ્ર શારીરિક પીડા, લાંબા ગાળાનું અને દેખીતું વિરુપીકરણ, અથવા કોઇ પણ અંગ, અવયવ કે માનસિક ક્ષમતા લાંબા ગાળા માટે ખોઇ દેવાય અથવા તેમાં અડચણ આવે તેવી શારીરિક ઇજા (18 U.S.C. 13645(h)(3)).

## શાળાના કર્મચારીની સત્તા:

શાળાના કર્મચારીઓ અક્ષમતાવાળા એવા કોઇ પણ બાળકને જે આચાર સંહિતાનો ભંગ કરે, બધા બાળકો માટે ઉપયોગમાં લેવાતી શિસ્તપાલન નીતિ અનુસાર આચાર સંહિતાના દરેક ભંગ માટે એક સાથે વધુમાં વધુ 10 દિવસ માટે શાળામાંથી દૂર કરી શકે, સિવાય કે એવું નિશ્ચિત કરવામાં આવે કે શાળામાંથી દૂર કરાવું હાલના શૈક્ષણિક સ્થાનમાંથી કોઇ અન્ય સ્થાનમાં મુકાવામાં પરિણમે છે જેમ કે:

- કોઇ વચગાળાની વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા;
- અન્ય વાતાવરણ; અથવા
- બરતરફી.

જ્યારે દૂર કરાયાના (એક સામટા 10 દિવસ અથવા ઓછા) વિવિધ સમયગાળાનો એક શાળાકીય વર્ષનો સરવાળો 10 દિવસથી વધુ થઇ જાય, ત્યારે બાળકની IFSP અથવા IEP ટીમ તમારા બાળકને સામાન્ય અભ્યાસક્રમમાં ભાગ લેવા સક્ષમ બનાવવા અને તેના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે જેટલી સેવાઓની જરૂર પડશે તે નક્કી કરશે.

કોઇ અક્ષમતાવાળું બાળક જે આચાર સંહિતાનો ભંગ કરે છે તેના માટે સ્થાન બદલવું યોગ્ય છે કે નહીં તે નિશ્ચિત કરવા માટે શાળાના કર્મચારીઓ દરેક કિસ્સામાં જે અનન્ય પરિસ્થિતિઓ છે તે ધ્યાનમાં લેશે. સ્થાન બદલાવામાં સળંગ 10 થી વધુ દિવસો માટે દૂર કરાવું અથવા કોઇ ખાસ રીતે શ્રેણીબદ્ધ રીતે દૂર કરાવાનો સમાવેશ થાય છે. જ્યારે શિસ્તના પગલાંના પરિણામે બાળકનું સ્થાન બદલાય છે ત્યારે સાર્વજનિક એજન્સી જે દિવસે નિર્ણય કરે છે તે દિવસે **સૂચના** આપે છે અને તેમાં કાર્યપ્રણાલી સાથે સંબંધિત બાંહેધરીઓનો દસ્તાવેજ સામેલ હોવો જ જોઇએ.

## લક્ષણ નિર્ધારણ:

આચાર સંહિતાના ભંગના પરિણામે સ્થાન બદલવાના નિર્ણયના 10 શાળા દિવસોની અંદર માતા-પિતા અને બાળકની IFSP ટીમ અથવા IEP ટીમે બાળકની ફાઇલમાંની બધી જ સંબદ્ધ માહિતીની સમીક્ષા જ કરવી જોઇએ, જેમાં તેના IFSP અથવા IEP, શિક્ષકોએ કરેલા કોઇ પણ નિરીક્ષણો અને માતા-પિતાએ પૂરી પાડેલી કોઇ પણ માહિતીનો સમાવેશ થાય છે, જેથી નિશ્ચિત કરી શકાય કે જે વર્તણૂંક બાબતે આ પગલાં લેવાઇ રહ્યાં છે તે:

- બાળકની અક્ષમતાના કારણે થઇ હતી અથવા તેને બાળકની અક્ષમતા સાથે કોઇ સીધો વાસ્તવિક સંબંધ છે; અથવા

- તે બાળકના IFSP અથવા IEP ને અમલમાં મૂકવામાં સાર્વજનિક એજન્સીની નિષ્ફળતાનું સીધું પરિણામ છે.

જો IEP ટીમ નિશ્ચિત કરે કે ઉપરના વિધાનોમાંથી કોઇ પણ એક લાગુ પડે છે, તો તે વર્તણૂંકને બાળકની અક્ષમતાના લક્ષણ દેખાવા તરીકે નિર્ધારિત કરવામાં આવે છે.

જો તે વર્તણૂંક બાળકની અક્ષમતાનું દૃશ્યમાન સ્વરુપ હતું તો IFSP ટીમ અથવા IEP ટીમે આ કરવું જ જોઇએ:

- જો સાર્વજનિક એજન્સીએ પહેલાં એમ ન કર્યું હોય, તો બાળક માટે એક કાર્યકારી વર્તણૂંક મૂલ્યાંકન કરાવવું અને બાળક માટે એક બિહેવિયરલ ઇન્ટરવેન્શન પ્લાન અમલમાં મૂકવો;
- જો બાળકનો કોઇ બિહેવયર ઇન્ટરવેન્શન પ્લાન હોય, તો તેની સમીક્ષા કરવી અને તેની વર્તણૂંકને સુધારવા માટે જે કોઇ ફેરફારો કરવા જરુરી હોય તે કરવા; અને
- બાળકને જે સ્થાનેથી દૂર કરવામાં આવ્યું હોય ત્યાં પાછું મોકલવું, સિવાય કે બાળકના બિહેવિયરલ ઇન્ટરવેન્શન પ્લાનમાં કરવાના ફેરફારના ભાગ રુપે માતા-પિતા અને સાર્વજનિક એજન્સી તેનું સ્થાન બદલવા સંમત થાય, સિવાય કે જ્યારે બાળકને કેફી દ્રવ્યો, હથિયારો કે ગંભીર શારીરિક ઇજા માટે વચગાળાની વૈકલ્પિક યોજનામાં ખસેડવામાં આવ્યું હોય.

જો તે વર્તણૂક બાળકની અક્ષમતાનું સીધું પ્રમાણ ન હોય, તો શાળાના કર્મચારીઓ બાળક પરત્વે અન્ય બાળકોની જેમ જ શિસ્તના પગલાં લઇ શકે, સિવાય કે તેની યોગ્ય શૈક્ષણિક સેવાઓ ચાલુ રહેવી જોઇએ.

## નિયુક્તિમાં ફેરફાર:

જ્યારે બાળકને 10 થી વધુ દિવસો માટે દૂર કરવામાં આવે છે તેને સ્થાનમાં ફેરફાર કહેવાય છે, પછી તેની વર્તણૂંક અક્ષમતાનું દેખીતું લક્ષણ હોય કે ન હોય, અથવા જ્યારે બાળકને ડ્રગ્સ, હથિયારો અથવા ગંભીર શારીરિક ઇજા માટે વચગાળાની વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા (IAES) માં મોકલવામાં આવે છે, ત્યારે બાળક સામાન્ય શિક્ષણ અભ્યાસક્રમમાં ભાગ લેવામાં તેને સક્ષમ બનાવે તેવી સેવાઓ મેળવવાનું ચાલુ રાખે છે, જો કે તે જુદા વાતાવરણમાં હોય છે, અને તે તેના IEPમાં નક્કી કરાયેલ લક્ષ્યો પૂરા કરવા તરફ આગળ વધી શકે છે. બાળકને યોગ્ય હોય તે મુજબ કોઇ કાર્યકારી વર્તણૂંક મૂલ્યાંકન અને તેણે જે ગેરવર્તણૂંક કરી હોય તે સુધારવા માટે બિહેવિયર ઇન્ટરવેન્શન સેવાઓ અને ફેરફારો પણ મળવા જોઇએ જેથી તે ગેરવર્તણૂંક ફરી ન થાય. IEP ટીમ યોગ્ય સેવાઓ કઇ છે તે નિશ્ચિત કરે છે અને તે સેવાઓ ક્યાં પૂરી પાડવામાં આવશે તે સ્થાન પણ નિશ્ચિત કરે છે.

## વચગાળાની વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા:

શાળાના કર્મચારીઓ નિમ્નલિખિત કિસ્સાઓમાં કોઇ બાળકને 45 શાળા દિવસો સુધી કોઇ વચગાળાની વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થામાં ખસેડી શકે ભલે તેની વર્તણૂંક બાળકની અક્ષમતાનું દેખીતું લક્ષણ હોવાનું નક્કી થયું હોય કે નહીં:

- બાળક રાજ્ય કે સ્થાનિક સાર્વજનિક એજન્સીના અધિકારક્ષેત્રમાં આવતી શાળામાં, શાળાના પરિસરમાં કે શાળાના કોઇ કાર્યક્રમમાં હથિયાર લઇને આવે છે અથવા ધરાવે છે;
- બાળક રાજ્ય કે સ્થાનિક સાર્વજનિક એજન્સીના અધિકારક્ષેત્રમાં આવતી શાળામાં, શાળાના પરિસરમાં કે શાળાના કોઇ કાર્યક્રમમાં જાણી જોઇને ગેરકાયદેસર દવાઓ ધરાવે છે અથવા તેમનો ઉપયોગ કરે છે, અથવા કોઇ નિયંત્રિત પદાર્થ વેચે છે અથવા કોઇને તેને તે વેચવા કહે છે; અથવા
- બાળકે રાજ્ય કે સ્થાનિક સાર્વજનિક એજન્સીના અધિકારક્ષેત્રમાં આવતી શાળામાં, શાળાના પરિસરમાં કે શાળાના કોઇ કાર્યક્રમમાં કોઇ અન્ય વ્યક્તિને ગંભીર શારીરિક ઇજા કરી હોય.

## શિસ્તનાં પગલાં વિરુદ્ધ અપીલ:

જો માતા-પિતા કોઇ લક્ષણ પ્રદર્શન નિર્ધારણ અથવા શિસ્ત કારણસર કોઇ પણ સ્થાને મુકાવા સંબંધી કોઇ નિર્ણય સાથે અસંમત હોય, તો માતા-પિતા ઑફિસ ઑફ એડમિનિસ્ટ્રેટિવ હિયરિંગ્સ (OAH) અને સાર્વજનિક એજન્સીને ડ્યુ પ્રોસેસ હિયરિંગ ફાઇલ કરી શકે. જો સાર્વજનિક એજન્સી એમ માનતી હોય કે બાળકને હાલ જે સ્થાન પર છે ત્યાં રાખવાથી બાળક અથવા બીજા લોકોને ઇજા થઇ શકે છે, સાર્વજનિક એજન્સી OAH અને માતા-પિતાને ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરી શકે.

આ દસ્તાવેજના "મતભેદોનું નિરાકરણ" વિભાગમાં વર્ણવેલી પ્રક્રિયાઓને અનુસરીને કોઇ એડમિનિસ્ટ્રેટિવ લૉ જજ ડ્યુ પ્રોસેસ હિયરિંગનું કામ ચલાવે છે. આ હિયરિંગ ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કર્યાના 20 શાળા દિવસોમાં થશે અને હિયરિંગ પછીના 10 શાળા દિવસોમાં તેનો કોઇ નિષ્કર્ષ આવી જશે.

શિસ્તના પગલાં સંબંધી અપીલમાં નિષ્કર્ષ નિશ્ચિત કરતી વખતે ALJ આમ કરી શકે:

- બાળકને જે સ્થાન પરથી ખસેડવામાં આવ્યું હતું તેના પર પાછું મોકલી શકે; અથવા
- જો ALJ ને લાગે કે બાળકને તેના હાલના સ્થાનમાં રાખવાથી બાળક અથવા અન્ય લોકોને મોટી ઇજા થઇ શકે એમ છે, તો બાળકને વધુમાં વધુ 45 શાળા દિવસો માટે કોઇ યોગ્ય વચગાળાની શિક્ષણ વ્યવસ્થામાં ફેરવવાનો આદેશ આપી શકે.

જ્યારે માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટની માંગણી કરે ત્યારે બાળક ALJ નો નિર્ણય આવે ત્યાં સુધી  અથવા જે સમયગાળો આપવામાં આવ્યો હોય ત્યાં સુધી (45 શાળા દિવસોથી વધુ નહીં), બેમાંથી જે પહેલા આવે ત્યાં સુધી, વચગાળાની શિક્ષણ વ્યવસ્થામાં રહે છે, સિવાય કે માતા-પિતા અને સાર્વજનિક એજન્સી કોઇ બીજી બાબતે સંમત થાય.

## જે બાળક પાત્ર હોવાનું હજુ નક્કી નથી થયું:

જે બાળકો ખાસ શિક્ષણ મેળવવાને પાત્ર હોવાનું નક્કી ન થયું હોય, અને જેમણે એવી વર્તણૂંક કરી હોય જે કોઇ નિયમ અથવા આચાર સંહિતાનો ભંગ કરે છે, તેની પૂરી પડાયેલી કોઇ પણ સુરક્ષાનો ઉપયોગ કરી શકે, જો સાર્વજનિક એજન્સી જે વર્તણૂંક થઇ તે થતા અગાઉથી જાણતી હોય કે બાળકને કોઇ અક્ષમતા છે. સાર્વજનિક એજન્સીને જાણ હોવાનું ગણાય છે જો શિસ્તનાં પગલાં લેવા પડે તેવી વર્તણૂંક થઇ તે પહેલાં:

- માતા-પિતાએ સાર્વજનિક એજન્સીના કોઇ નિરીક્ષક અથવા કારોબારી કર્મચારીને અથવા બાળકના કોઇ શિક્ષક આગળ લેખિત રુપે તેમની ચિંતા વ્યક્ત કરી હોય કે તેમના બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરુર છે;
- માતા-પિતાએ મૂલ્યાંકનની માંગણી કરી; અથવા
- બાળકના શિક્ષક અથવા શાળાના અન્ય કર્મચારીઓએ બાળકની અમુક વર્તણૂંક વિશે સીધા ખાસ શિક્ષણ નિયામક અથવા સાર્વજનિક એજન્સીના નિરીક્ષક કર્મચારીઓ આગળ કોઇ ખાસ ચિંતા વ્યક્ત કરી હોય.

સાર્વજનિક એજન્સીને જાણ હોવાનું ગણાતું નથી જો:

- માતા-પિતાએ સાર્વજનિક એજન્સીને તેમના બાળકનું મૂલ્યાંકન કરવાની પરવાનગી ન આપી હોય;
- માતા-પિતાએ સાર્વજનિક એજન્સીને ખાસ શિક્ષણ સેવાઓ પૂરી પાડવાની પરવાનગી ન આપી હોય; અથવા
- બાળકનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હોય અને એવું નિશ્ચિત થયું હોય કે તે IDEA હેઠળ અક્ષમતાવાળું બાળક નથી.

જો શિસ્તનાં પગલાં લેતા અગાઉ સાર્વજનિક એજન્સી ન જાણતી હોય કે કોઇ બાળકને કોઇ અક્ષમતા છે, તો તે બાળક વિરુદ્ધ શિસ્તનાં એ જ પગલાં લેવામાં આવી શકે જે કોઇ અક્ષમતા વિનાના સમાન વર્તણૂંક કરનાર બાળક વિરુદ્ધ લેવામાં આવે.

જો માતા-પિતાએ તેમના બાળક સામે શિસ્તનાં પગલાં લેવામાં આવે તે સમયગાળા દરમ્યાન મૂલ્યાંકનની માંગણી કરી હોય, તો મૂલ્યાંકન ઝડપથી કરવામાં આવવું જોઇએ. પરિણામ આવવાનું બાકી હોય ત્યાં સુધી બાળક એવા શૈક્ષણિક સ્થાન પર રહે છે જે શાળાના સત્તાવાળાઓએ નક્કી કર્યું હોય. જો સાર્વજનિક એજન્સીના મૂલ્યાંકન અને માતા-પિતાએ પૂરી પાડેલી માહિતીના આધારે બાળક અક્ષમતાવાળું બાળક હોવાનું નિર્ધારિત થાય, તો સાર્વજનિક એજન્સીએ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ અને અક્ષમતાવાળા બાળકોને શિસ્તબદ્ધ કરવા બાબતે લાગુ પડતી કાર્યપ્રણાલી સંબંધી બાંહેધરીઓ પૂરી પાડવાની રહેશે.

## કાયદાનો અમલ કરનાર અને ન્યાયિક સત્તાધિકારીઓને ભલામણ અને તેમનાં પગલાં:

IDEA સાર્વજનિક એજન્સીઓને યોગ્ય સત્તાવાળાઓ અને કાયદાનો અમલ કરનારાઓને ગુનાની જાણ કરવાથી રોકતું નથી. ન્યાયિક સત્તાધિકારીઓ કોઇ અક્ષમતાવાળા બાળકે કરેલ ગુનાઓને કેન્દ્રના તેમજ રાજ્યના કાયદા લાગુ કરવાની તેમની જવાબદારી નિભાવી શકે છે. કોઇ પણ ગુનાની જાણ કરનાર એજન્સીએ બાળકના ખાસ શિક્ષણ અને શિસ્ત સંબંધી રેકૉર્ડઝની નકલો COMAR 13A.08.02માં પરવાનગી અપાયા મુજબ યોગ્ય સત્તાવાળાઓને પૂરી

પાડવાની રહેશે. તેમણે વિદ્યાર્થી વિશેના રેકૉર્ડ માતા-પિતાની સંમતિ સાથે, અથવા નીતિમાં જણાવાયેલા માતા-પિતાની સંમતિ મેળવવાની જરૂરિયાતના અપવાદો મુજબ પૂરાં પાડવાના રહેશે.

# માતા-પિતા દ્વારા એકપક્ષી નિર્ણય લઇ બાળકોની જાહેર ખર્ચે ખાનગી શાળામાં નિયુક્તિ

**જો સાર્વજનિક એજન્સીએ મફત યોગ્ય સાર્વજનિક શિક્ષણ (FAPE) ઉપલબ્ધ કરાવ્યું હોય અને માતા-પિતાએ તેમના બાળકને ખાનગી શાળામાં મૂકવાનું પસંદ કર્યું હોય, તો IDEA હેઠળ સાર્વજનિક એજન્સીએ અક્ષમતાવાળા કોઇ બાળકના ખાનગી શાળામાં અર્લી ઇન્ટરવેન્શન અથવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ સહિત શિક્ષણનો ખર્ચ ચૂકવવો જરૂરી નથી.**

જો સાર્વજનિક એજન્સીએ મફત યોગ્ય સાર્વજનિક શિક્ષણ (FAPE) ઉપલબ્ધ કરાવ્યું હોય અને માતા-પિતાએ તેમના બાળકને ખાનગી શાળામાં મૂકવાનું પસંદ કર્યું હોય, તો IDEA હેઠળ સાર્વજનિક એજન્સીએ અક્ષમતાવાળા કોઇ બાળકના ખાનગી શાળામાં અર્લી ઇન્ટરવેન્શન અથવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ સહિત શિક્ષણનો ખર્ચ ચૂકવવો જરૂરી નથી. જોકે, સાર્વજનિક એજન્સી તે બાળકને ફેડરલ નિયમો મુજબ માતા-પિતા દ્વારા ખાનગી શાળામાં મૂકાયેલ બાળકોમાં ગણવાનું રહેશે. IDEA હેઠળ માતા-પિતા અને સાર્વજનિક એજન્સી વચ્ચે FAPE ની ઉપલબ્ધતા અને આર્થિક જવાબદારીઓ સંબંધી મતભેદો ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ પ્રક્રિયાઓને આધીન છે. કૃપા કરી વધુ માહિતી માટે "મતભેદોનું નિરાકરણ કરવું" વિભાગ જુઓ.

જો કોઇ અક્ષમતાવાળા બાળકે અગાઉ કોઇ સાર્વજનિક એજન્સીની સત્તા હેઠળ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મેળવી હોય, અને માતા-પિતા તેમના બાળકને સાર્વજનિક એજન્સીની સંમતિ કે ભલામણ વિના કોઇ ખાનગી પ્રિસ્કૂલ, એલિમેન્ટરી કે સેકન્ડરી સ્કૂલમાં દાખલ કરાવી દે, તો જો ALJ અથવા અદાલતને એમ જાણ થાય કે સાર્વજનિક એજન્સીએ ત્યાં દાખલ થતા પહેલાં બાળકને યોગ્ય રીતે અને સમયસર FAPE ઉપલબ્ધ કરાવ્યું ન હતું, અને તેને ખાનગી સંસ્થામાં દાખલ કરવાનું યોગ્ય હતું, તો કોઇ ALJ અથવા અદાલત, સાર્વજનિક એજન્સીને માતા-પિતાને તે સંસ્થામાં બાળકને દાખલ કરવાનો ખર્ચ ભરપાઇ કરવા ફરજ પાડી શકે. માતા-પિતા તરીકે તમે કરેલ તમારા બાળક માટેની વ્યવસ્થા કોઇ ALJ અથવા અદાલતને તે સાર્વજનિક એજન્સીઓ દ્વારા પૂરા પાડવામાં આવતા શિક્ષણને લાગુ પડતા રાજ્યના માપદંડો પૂરા ન કરતી હોય તો પણ યોગ્ય લાગી શકે.

## <u>ખર્ચ ભરપાઇ કરવાની મર્યાદા:</u>

કોઇ ALJ અથવા અદાલત ભરપાઇ કરવામાં આવતી રકમ ઘટાડી શકે અથવા તેનો ઇનકાર કરી શકે જો:

- તેમના બાળકને સાર્વજનિક શાળામાંથી ઉઠાડી લેતા પહેલાંની સૌથી છેલ્લી IEP ટીમ મીટિંગ જેમાં માતા-પિતાએ હાજરી આપી હોય, માતા-પિતાએ IEP ટીમને ન જણાવ્યું હોય કે તેઓ સાર્વજનિક એજન્સી FAPE પૂરું પાડવા માટે જે સ્થાન આપવાનો પ્રસ્તાવ મૂકી રહી છે તેનો અસ્વીકાર કરી રહ્યા છે, જેમાં તેમની ચિંતાઓ જણાવવાનો અને તેમના બાળકને જાહેર ખર્ચે કોઇ ખાનગી શાળામાં મૂકવાના તેમના ઇરાદાનો સમાવેશ થાય છે; અથવા
- તેમના બાળકને સાર્વજનિક શાળામાંથી ઉઠાડી લેવાના ઓછામાં ઓછા દસ (10) કામકાજના દિવસો (એવા કામકાજના દિવસો સહિત જે રજાના દિવસે આવતા હોય) પહેલાં, માતા-પિતાએ સાર્વજનિક એજન્સીને તેમના બાળકને ઉઠાડી લેવાના તેમના ઇરાદાની લેખિત રુપે જાણ ન કરી, જેમાં તેમના બાળકને સાર્વજનિક શાળામાં મૂકવા બાબતે તેમની ચિંતાઓનો સમાવેશ થાય છે; અથવા
- જો માતા-પિતાએ તેમના બાળકને સાર્વજનિક શાળામાંથી ઉઠાડી લીધું તેની પહેલાં સાર્વજનિક એજન્સીએ આગોતરી લેખિત **સૂચના** દ્વારા માતા-પિતાને તમના બાળકનું મૂલ્યાંકન કરવાના તેમના ઇરાદાની જાણ કરી (જેમાં તે મૂલ્યાંકનના ઉદ્દેશ્યનું યોગ્ય અને વાજબી વિધાન પણ સામેલ હતું); પણ માતા-પિતાએ બાળકને મૂલ્યાંકન માટે ન મોકલ્યું; અથવા
- જો અદાલતી તપાસમાં માતા-પિતાનાં કાર્યોને ગેરવાજબી ગણવામાં આવ્યા હોય.

ઉપરોક્ત **સૂચના**ની આવશ્યકતાઓ સિવાય ખર્ચની ભરપાઇ:

- જો માતા-પિતા આ **સૂચના** પૂરી પાડવામાં નિષ્ફળ ગયા હોય તો ઘટાડવામાં કે તે ચૂકવવાનો ઇનકાર કરવામાં આવશે નહીં જો:

- o સાર્વજનિક એજન્સીએ માતા-પિતાને **સૂચના** આપતા રોકયા,
- o માતા-પિતાને ઉપર વર્ણવેલ IDEA જરુરિયાતો મુજબની લેખિત **સૂચના** મળી ન હતી,
- o **સૂચના**ની જરુરિયાતો પૂરી કરવાથી બાળકને શારીરિક નુકસાન થવાની શક્યતા હોય, અને
- ALJ અથવા અદાલતની વિવેકબુદ્ધિ મુજબ આ **સૂચના** પૂરી પાડવામાં નિષ્ફળ ગયા હોવાથી ઘટાડવામાં કે તે ચૂકવવાનો ઇનકાર કરવામાં આવે નહીં જો:
  - o માતા-પિતા શિક્ષિત ન હોય અને અંગ્રેજીમાં લખી શકતા ન હોય, અથવા
  - o ઉપર જણાવેલ **સૂચના**ની જરુરિયાતો પૂરી કરવાથી બાળકને ગંભીર ભાવનાત્મક નુકસાન થવાની શક્યતા હોય.

# પુખ્ત વયે માતા-પિતાના અધિકારોનું હસ્તાંતરણ

**મેરીલેન્ડમાં કેટલીક સીમિત પરિસ્થિતિઓને બાદ કરતા અક્ષમતાવાળા બાળકો પુખ્ત વયના થાય એટલે તેમને માતા-પિતાના અધિકારો સીધેસીધા હસ્તાંતરિત થતા નથી.**

મેરીલેન્ડના કાયદા હેઠળ કેટલીક સીમિત પરિસ્થિતિઓ હેઠળ માતા-પિતાને મળતા બધા જ અધિકારો અક્ષમતાવાળા બાળકને હસ્તાંતરિત થઇ જશે. આ હસ્તાંતરણ ત્યારે થાય છે જ્યારે બાળકની ઉંમર 18 વર્ષ થઇ જાય, જો બાળકને રાજ્યના કાયદા હેઠળ અસમર્થ ગણવામાં ન આવ્યું હોય <u>અને</u> એવી દસ્તાવેજી નોંધ ઉપલબ્ધ હોય કે:

- માતા-પિતા ઉપલબ્ધ નથી અથવા તેમના વિશે કોઇ માહિતી નથી, અને બાળક એવી માંગણી કરે છે કે કોઇ બદલીમાં માતા-પિતા નિમાય તેના કરતા માતા-પિતાના અધિકારોનું હસ્તાંતરણ બાળકને કરી દેવામાં આવે;
- અગાઉના વર્ષમાં સાર્વજનિક એજન્સીએ વારંવાર પ્રયત્નો કર્યા છતા માતા-પિતાએ બાળક માટે ખાસ શિક્ષણ સંબંધી નિર્ણયો લેવાની પ્રક્રિયામાં ભાગ નથી લીધો;
- માતા-પિતાએ સ્પષ્ટપણે ખાસ શિક્ષણ સંબંધી નિર્ણયો લેવાની પ્રક્રિયામાં ભાગ લેવાનો ઇનકાર કર્યો છે;
- લાંબા ગાળાથી હોસ્પિટલમાં કે કોઇ ઇન્સ્ટીટયુશનમાં દાખલ થયા હોવાના કારણે, અથવા માતા-પિતામાંથી એક અથવા બંનેની ગંભીર માંદગી અથવા અશક્તિના કારણે માતા-પિતાએ બાળકને અધિકારોનું હસ્તાંતરણ કરવા સંમતિ આપી હોય;
- તેમના નિયંત્રણમાં ન હોય તેવી વિલક્ષણ પરિસ્થિતિઓના કારણે માતા-પિતા ખાસ શિક્ષણ સંબંધી નિર્ણયો લેવાની પ્રક્રિયામાં ભાગ લેવા અક્ષમ હોય, અને માતા-પિતાએ બાળકને અધિકારોનું હસ્તાંતરણ કરવા સંમતિ આપી હોય; અથવા
- બાળક માતા-પિતાના ઘરની બહાર રહેતું હોય અને બીજી કોઇ સાર્વજનિક એજન્સીની સંભાળ કે કસ્ટડીમાં ન હોય.

જો અક્ષમતાવાળા બાળકના માતા-પિતા જેમની સાથે બાળક રહેતું હોય, તે 18 વર્ષની ઉંમરે બાળકને અધિકારોનું હસ્તાંતરણ થવા માટે સંમતિ ન આપે અને બાળકને રાજ્યના કાયદા હેઠળ અસમર્થ ગણવામાં ન આવ્યું હોય, ત્યારે બંનેમાંથી કોઇ પણ પક્ષ અધિકારો હસ્તાંતરિત થવા જોઇએ કે કેમ તે નિશ્ચિત કરવા ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરી શકે.

જો કોઇ અક્ષમતાવાળા બાળકનું કેન્દ્રીય અને રાજ્યના કાયદાઓ અનુસાર કોઇ બદલીમાં મુકાયેલા માતા-પિતા દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હોય, તો સાર્વજનિક એજન્સી બાળક તેમજ તેના સરોગેટ માતા-પિતાને કેન્દ્રીય અને રાજ્યના કાયદાઓ અને નિયમો હેઠળ જરુરી કોઇ પણ લેખિત **સૂચના** પૂરી પાડશે. IDEA હેઠળ સરોગેટ માતા-પિતાને મળતા બધા જ અધિકારો બાળકને હસ્તાંતરિત કરવામાં આવશે; જો બાળકને રાજ્યના કાયદા હેઠળ અસમર્થ ગણવામાં ન આવ્યું હોય <u>અને</u> બાળક અધિકારો હસ્તાંતરિત કરાવાની વિનંતી કરે.

# મતભેદોનું નિરાકરણ કરવું

**નિમ્નલિખિત પ્રક્રિયાઓ કોઇ બાળકના અર્લી ઇન્ટરવેન્શન અથવા ખાસ શિક્ષણ કાર્યક્રમ અને સંબંધિત સેવાઓ બાબતના મતભેદોનું નિરાકરણ કરવા માટે માતા-પિતા તેમજ સાર્વજનિક એજન્સીઓને ઉપલબ્ધ પ્રક્રિયાઓનું વર્ણન કરે છે. આ વિકલ્પોમાં દરમ્યાનગિરિ, સ્ટેટ કમ્પ્લેઇન્ટ અને ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટનો સમાવેશ થાય છે.**

## દરમ્યાનગિરી :

દરમ્યાનગિરી એક એવી પ્રક્રિયા છે જેનો ઉપયોગ અક્ષમતાવાળા બાળકના માતા-પિતા અને બાળકના શિક્ષણ માટે જવાબદાર સાર્વજનિક એજન્સી વચ્ચેના મતભેદોના નિરાકરણ માટે થઇ શકે.

અસરકારક દરમ્યાનગિરી કૌશલ્યોની લાયકાત ધરાવતા અને તેમાં તાલીમ પામેલા હોય એવા ઑફિસ ઑફ એડમિનિસ્ટ્રેટિવ હિયરિંગ્સ (OAH) ના કોઇ કર્મચારી દરમ્યાનગિરીની કામગીરી સંભાળે છે. OAH દ્વારા પસંદ કરાયેલ વ્યક્તિને અંગત કે વ્યાવસાયિક હિતોનો વિરોધ ન હોય.

- દરમ્યાનગિરી માતા-પિતા અને સાર્વજનિક એજન્સી બંને માટે મફત હોય છે, જેમાં દરમ્યાનગિરીને પ્રોત્સાહિત કરવા માટે માતા-પિતા સાથેની મીટિંગનો ખર્ચ પણ આવી જાય છે.
- દરમ્યાનગિરી માટેની માંગણી બાળકના અર્લી ઇન્ટરવેન્શન અથવા શિક્ષણ માટે જવાબદાર સાર્વજનિક એજન્સી તેમજ OAH ને કરવામાં આવે છે. માતા-પિતાને દરમ્યાનગિરી માટેની માંગણી ફાઇલ કરવામાં મદદ કરવા માટે સાર્વજનિક એજન્સી પાસે તેમજ MSDE ની વેબસાઇટ **www.marylandpublicschools.org** પર એક ફૉર્મ ઉપલબ્ધ છે. વધુ સહાય માટે સાર્વજનિક એજન્સીની ખાસ શિક્ષણ કચેરી અથવા MSDE ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝનો સંપર્ક સાધો; 410-767-7770.
- દરમ્યાનગિરી સમયે માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી સાથે તેમના વકીલ હોઇ શકે જેમની તેઓ સલાહ લઇ શકે.
- દરમ્યાનગિરીનું સત્ર સામાન્ય રીતે લેખિત માંગણી મળયાના 20 દિવસની અંદર માતા-પિતા તેમજ સાર્વજનિક એજન્સીને અનુકૂળ હોય એવા સ્થળે યોજાશે.
- દરમ્યાનગિરી માટેની મુલાકાતો બંધબારણે થતી પ્રક્રિયાઓ છે. દરમ્યાનગિરી દરમ્યાન થતી ચર્ચાઓ ગુપ્ત હોવી જોઇએ અને તેને ત્યાર પછીના કોઇ પણ ડ્યુ પ્રોસેસ હિયરિંગ કે દીવાની કામગિરિમાં પુરાવા તરીકે વાપરી શકાય નહીં. દરમ્યાનગિરીની શરુઆત થાય તે પહેલાં માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સીને ગુપ્તતાના સોગંદનામા પર સહી કરવાનું કહેવામાં આવી શકે.
- દરમ્યાનગિરીથી બંને પક્ષો વચ્ચે સધાયેલી કોઇ પણ સહમતિને લેખિત કરારમાં મુકાવી જોઇએ જે એવી કોઇ પણ રાજ્યની અદાલત, જેની પાસે આ પ્રકારના કેસોની સુનાવણી કરવાનો અધિકાર હોય અથવા કોઇ ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં લાગુ કરાવી શકાય.
- કોઇ સાર્વજનિક એજન્સી દરમ્યાનગિરીનો ઉપયોગ માતા-પિતાના તેમની ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ પર સુનાવણી થવાના અધિકારને વિલંબમાં નાંખવા કે તેને નાકબૂલ કરવા માટે કરી શકે નહીં.

## દરમ્યાનગિરીને પ્રોત્સાહન આપવા માટે મીટિંગ:

સાર્વજનિક એજન્સી જે માતા-પિતા દરમ્યાનગિરીની પ્રક્રિયાનો ઉપયોગ ન કરવાનું નક્કી કરે તેમને માતા-પિતાને અનુકૂળ હોય એવા સમય અને સ્થળે મળીને તેમને દરમ્યાનગિરીની પ્રક્રિયાના ફાયદા સમજાવવા અને માતા-પિતાને તે પ્રક્રિયાનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપવાનો પ્રસ્તાવ મૂકી શકે.

## સ્ટેટ કમ્પ્લેઇન્ટ અને ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ વચ્ચેનો તફાવત:

**દરમ્યાનગિરી ઉપરાંત માતા-પિતાને સાર્વજનિક એજન્સી સાથેના મતભેદોના નિરાકરણ માટે સ્ટેટ કમ્પ્લેઇન્ટ પ્રક્રિયા અથવા ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ પ્રક્રિયાનો ઉપયોગ કરવાનો અધિકાર છે. આ વિકલ્પોના નિયમો અને પ્રક્રિયાઓ જુદા હોય છે.**

IDEA નિયમોમાં સ્ટેટ કમ્પ્લેઇન્ટ્સ અને ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ્સ માટે જુદી -જુદી પ્રક્રિયાઓ હોય છે. નીચે સમજાવવામાં આવ્યું છે એમ, કોઇ પણ વ્યક્તિ કે સંસ્થા કોઇ પણ સાર્વજનિક એજન્સી દ્વારા કોઇ પણ IDEA જરુરિયાતના ઉલ્લંઘનનો આક્ષેપ કરતી સ્ટેટ કમ્પ્લેઇન્ટ નોંધાવી શકે. અક્ષમતાવાળા કોઇ પણ બાળકની ઓળખ, મૂલ્યાંકન, અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ અથવા શૈક્ષણિક સ્થાન, અથવા બાળકને મફત યોગ્ય સાર્વજનિક શિક્ષણ (FAPE) પૂરું પાડવા સંબંધી કોઇ પણ બાબતે માત્ર કોઇ માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી જ ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ નોંધાવી શકે.

MSDE ના કર્મચારીઓએ સામાન્ય રીતે કોઇ સ્ટેટ કમ્પ્લેઇન્ટનું 60 કેલેન્ડર દિવસમાં નિરાકરણ કરવું જોઇએ સિવાય કે સમયસીમાને યોગ્ય રીતે લંબાવાઇ હોય. કોઇ ALJ એ ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ સાંભળવી જોઇએ (જો

નિરાકરણ મીટિંગ અથવા દરમ્યાનગિરીથી તેનું નિરાકરણ ન આવે) અને નિરાકરણના સમયગાળાના અંત પછીના 45 કેલેન્ડર દિવસોમાં લેખિત નિર્ણય આપવો જોઇએ સિવાય કે ALJ માતા-પિતાની માંગણીથી કે સાર્વજનિક એજન્સીની માંગણીથી સમયસીમાને કોઇ ખાસ અવધિ માટે લંબાવે.

આ વિકલ્પોની રુપરેખા અને સરખામણી માટે આ દસ્તાવેજ સાથેનું બીડાણ જુઓ.

## <u>સ્ટેટ કમ્પ્લેઇન્ટ:</u>

**વ્યક્તિઓ અને સંસ્થાઓને મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન (MSDE) સાથે સ્ટેટ કમ્પ્લેઇન્ટ નોંધાવવાનો અધિકાર છે. રાજ્ય તપાસ કરી શકે તે માટે લેખિત ફરિયાદ IDEA ના નિયમો હેઠળના કેટલાક ખાસ માપદંડો પૂરા કરતી હોવી જ જોઇએ.**

જો કોઇ વ્યક્તિ કે સંસ્થાને લાગતું હોય કે કોઇ સાર્વજનિક એજન્સીએ કોઇ અર્લી ઇન્ટરવેન્શન અથવા ખાસ શિક્ષણની જરુરિયાત સંબંધી કેન્દ્રના કે રાજ્યના કાયદાનું ઉલ્લંઘન કર્યું છે, અથવા કોઇ સાર્વજનિક એજન્સીએ કોઇ ડ્યુ પ્રોસેસ હિયરિંગના નિર્ણયનો અમલ નથી કર્યો, તો સ્ટેટ કમ્પ્લેઇન્ટ કરી શકાય. ફરિયાદ MSDE માં નોંધાવી જોઇએ અને તે આમને સંબોધવી જોઇએ: Assistant State Superintendent, Division of Special Education/Early Intervention Services, MSDE, 200 West Baltimore Street, Baltimore, Maryland 21201. જે વ્યક્તિ કે સંસ્થા MSDE આગળ સ્ટેટ કમ્પ્લેઇન્ટ નોંધાવે તેણે એ જ સમયે ફરિયાદની એક નકલ સાર્વજનિક સંસ્થાને પણ મોકલવી જોઇશે. ફરિયાદ નોંધાવવામાં મદદ કરવા માટે વિગતવાર પ્રક્રિયાઓ અને એક ફૉર્મ MSDE ની વેબસાઇટ www.marylandpublicschools.org અથવા ડિવિઝનની કમ્પ્લેઇન્ટ ઇનવેસ્ટિગેશન એન્ડ ડ્યુ પ્રોસેસ બ્રાંચને 410-767-7770 પર ફોન કરવાથી મેળવી શકાય છે.

સ્ટેટ કમ્પ્લેઇન્ટમાં આ બધું સામેલ હોવું જ જોઇએ:

- સાર્વજનિક એજન્સીએ કોઇ કેન્દ્રીય કે રાજ્યના કાયદા કે નિયમની જરુરિયાતોનું ઉલ્લંઘન કર્યું છે એવું વિધાન;
- આ વિધાન જેની પર આધારિત હોય તે હકીકતો;
- સ્ટેટ કમ્પ્લેઇન્ટ કરનાર વ્યક્તિની સહી અને વ્યક્તિ/સંસ્થાની સંપર્ક માહિતી; અને
- જો સ્ટેટ કમ્પ્લેઇન્ટ કોઇ ખાસ વ્યક્તિના સંદર્ભમાં કોઇ ઉલ્લંઘનનો આક્ષેપ કરતી હોય, તો:
  - બાળકનું નામ અને ઘરનું સરનામું;
  - બાળક જે શાળામાં ભણતું હોય તેનું નામ;
  - બેઘર બાળક કે યુવાનના કિસ્સામાં બાળકની ઉપલબ્ધ સંપર્ક માહિતી અને બાળક જે શાળામાં ભણતું હોય તેનું નામ;
  - બાળકની તકલીફ સાથે સંકળાયેલી હકીકતો સાથે બાળકની તકલીફના પ્રકારનું વર્ણન; અને
  - સ્ટેટ કમ્પ્લેઇન્ટ નોંધાવતી વખતે નોંધાવનારને તકલીફની જેટલી જાણ હોય ત્યાં સુધી તકલીફનું પ્રસ્તાવિત નિરાકરણ.

સ્ટેટ કમ્પ્લેઇન્ટમાં એવા જ ઉલ્લંઘનનો આક્ષેપ થઇ શકે જે રાજ્યને ફરિયાદ મળવાના એક વર્ષથી વધુ સમય અગાઉ ન થયું હોવું જોઇએ. MSDE એ તેમને મળેલી માહિતી સ્ટેટ કમ્પ્લેઇન્ટ મળવાના 60 કેલેન્ડર દિવસોની અંદર જાહેર કરવી જોઇએ અને તે 60 દિવસની સમયસીમા લંબાવી શકે જો:

- કોઇ ખાસ ફરિયાદ બાબતે અસાધારણ પરિસ્થિતિ અસ્તિત્વમાં હોય; અથવા
- તેમાં સંકળાયેલા માતા-પિતા અને સાર્વજનિક એજન્સી સ્વૈચ્છિક રીતે દરમ્યાનગિરી અથવા મતભેદના નિરાકરણના વૈકલ્પિક રસ્તાઓનો પ્રયોગ કરવા માટે સમય લંબાવવાનું નક્કી કરે.

MSDE ઓછામાં ઓછું આ તો કરશે જ:

- જો તે કરવાનું જરુરી હોવાનું નિર્ધારિત થાય તો સ્વતંત્ર ઓન સાઇટ તપાસ;
- ફરિયાદીને સ્ટેટ કમ્પ્લેઇન્ટમાં કરાયેલ આક્ષેપો વિશે મૌખિક અથવા લેખિત સ્વરુપે વધારાની માહિતી રજૂ કરવાની તક આપવી;
- બધી સંબદ્ધ માહિતીની સમીક્ષા કરવી અને સ્વતંત્રપણે નિશ્ચિત કરવું કે કોઇ સાર્વજનિક એજન્સીએ કેન્દ્રીય અને રાજ્યના કાયદાઓની જરુરિયાતોનું ઉલ્લંઘન કર્યું છે કે કેમ; અને

- ફરિયાદી તેમજ સાર્વજનિક એજન્સીને પોતાનો લેખિત નિર્ણય આપવો જે ફરિયાદમાંના દરેક આક્ષેપનો જવાબ આપે છે અને જાણવા મળેલી હકીકતો અને તેના પરથી કઢાયેલા નિષ્કર્ષો ધરાવે છે.

નિર્ણયમાં અંતિમ નિર્ણય લેવાના કારણો અને જરુર હોય તો અંતિમ નિર્ણયના અસરકારક અમલ માટેની પ્રક્રિયાઓ, જેમાં ટેકિનકલ સહાયની પ્રવૃત્તિઓ, મંત્રણાઓ અને અનુપાલન મેળવવા સુધારક કાર્યોનો સમાવેશ થય છે, પણ સામેલ હશે. જો MSDE નિશ્ચિત કરે કે કોઇ સાર્વજનિક એજન્સી યોગ્ય સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ ગઇ છે, તો અંતિમ લેખિત નિર્ણય કોઇ સાર્વજનિક એજન્સીએ કેવી રીતે બાળકની જરુરિયાતો માટે યોગ્ય એવી સેવાઓ આપવાનો ઇનકાર સુધારવો, અને ભવિષ્યમાં અક્ષમતાવાળા બધા બાળકો માટે યોગ્ય સેવાઓ પૂરી પાડવી તે દર્શાવશે.

## સ્ટેટ કમ્પ્લેઇન્ટનું નિરાકરણ કરવું:

મતભેદોના નિરાકરણ માટે દરમ્યાનગિરિ અને બીજી ઓછી ઔપચારિક પદ્ધતિઓ ઉપલબ્ધ હોઇ શકે અને તેમને પ્રોત્સાહન આપવામાં આવે છે. જો બંને પક્ષો તેમની ફરિયાદનું નિરાકરણ લાવી દે, તો કેન્દ્ર સરકારના નિયમો હેઠળ MSDE એ તપાસ કરવાની જરૂર નથી.

## ડ્યુ પ્રોસેસ હિયરિંગનો વિષય હોય તેવી સ્ટેટ કમ્પ્લેઇન્ટનું નિરાકરણ કરવું:

જો MSDE ને કોઇ એવી સ્ટેટ કમ્પ્લેઇન્ટ મળે છે જે કોઇ ડ્યુ પ્રોસેસ હિયરિંગનો પણ ભાગ હોય, અથવા સ્ટેટ કમ્પ્લેઇન્ટમાં એકથી વધારે બાબતો હોય જેમાંથી એક અથવા એથી વધુ કોઇ હિયરિંગનો ભાગ હોય, તો MSDEએ સ્ટેટ કમ્પ્લેઇન્ટના ડ્યુ પ્રોસેસ હિયરિંગમાં જેના પર કાર્યવાહી થઇ રહી હોય તે ભાગને તે ડ્યુ પ્રોસેસ હિયરિંગ પૂરું થાય ત્યાં સુધી બાજુ પર મૂકી દેવો જોઇએ. જોકે, સ્ટેટ કમ્પ્લેઇન્ટમાંનો એવો કોઇ પણ મુદ્દો જે ડ્યુ પ્રોસેસ હિયરિંગનો ભાગ ન હોય, તેનું ઉપર વર્ણવેલ સમયસીમામાં ઉપર દર્શાવેલ પ્રક્રિયાઓ વડે નિરાકરણ કરવામાં આવવું જોઇએ. જો સ્ટેટ કમ્પ્લેઇન્ટમાં કોઇ એવો મુદ્દો ઉઠાવવમાં આવ્યો હોય જેના પર અગાઉ તે જ પક્ષોને સામેલ કરતા ડ્યુ પ્રોસેસ હિયરિંગમાં નિર્ણય થઇ ગયો હોય, તો હિયરિંગનો નિર્ણય લાગુ પડશે અને MSDE ફરિયાદીને આ બાબતની જાણ કરશે.

## ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ:

**કોઇ બાળકની ઓળખ, મૂલ્યાંકન, અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ અથવા શૈક્ષણિક સ્થાન, અથવા બાળકને મફત યોગ્ય સાર્વજનિક શિક્ષણ (FAPE) પૂરું પાડવા સંબંધિત કોઇ પણ મુદ્દા વિશે માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરી શકે.**

ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં એવા ઉલ્લંઘનની ફરિયાદ થવી જોઇએ જે માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સીને જેનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને જેના આધારે ફરિયાદ કરવામાં આવી છે તે કાર્ય થયાની ખબર પડવાના વધુમાં વધુ બે વર્ષ અગાઉ બન્યું હોય.

આ સમયસીમા એવા કિસ્સામાં લાગુ પડતી નથી જેમાં માતા-પિતા સમયસીમાની અંદર એટલા માટે ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ ન કરી શક્યા કારણકે સાર્વજનિક એજન્સીએ ખાસ કરીને ખોટી રજૂઆત કરી કે તેમણે ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં ઓળખાયેલ મુદ્દાનું નિરાકરણ કરી નાંખ્યુ છે, અથવા સાર્વજનિક એજન્સીએ IDEA હેઠળ જે માહિતી આપવી ફરજિયાત હતી તે માહિતી માતા-પિતાને આપી નહીં.

એક ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરવા માટે માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી (અથવા માતા-પિતાના વકીલ અથવા સાર્વજનિક એજન્સીના વકીલ)એ સામા પક્ષ તેમજ OAH ને ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ આપવાની રહેશે. કમ્પ્લેઇન્ટમાં નીચે દર્શાવેલ બધી જ માહિતી હોવી જોઇએ અને તે ગુપ્ત રખાવી જોઇએ.

માતા-પિતાને ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરવામાં મદદ કરવા માટે જ્યાંથી અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ પૂરી પાડવામાં આવે છે તે સાર્વજનિક એજન્સી પાસે, જ્યાં બાળક ભણે છે તે શાળામાં અને MSDE ની વેબસાઇટ **www.marylandpublicschools.org** પર દરમ્યાનગિરિની માંગણી અને ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફૉર્મ ઉપલબ્ધ છે. વધુ સહાયતા માટે સાર્વજનિક એજન્સીની અર્લી ઇન્ટરવેન્શન ઑફિસ, સ્પેશ્યલ એજ્યુકેશન ઑફિસ અથવા (410) 767-7770 પર MSDE ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન એન્ડ અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝનો સંપર્ક સાધો.

## ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં સામેલ વિષયવસ્તુ:

ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં આ બધું સામેલ હોવું જ જોઇએ:

- બાળકનું નામ;
- બાળકના ઘરનું સરનામું (અથવા બેઘર બાળક માટે ઉપલબ્ધ સંપર્ક માહિતી);
- બાળક જેમાં ભણતું હોય તે શાળાનું નામ;
- બાળકના શિક્ષણ માટે જવાબદાર સાર્વજનિક એજન્સીનું નામ (એટલે કે સ્થાનિક શાળા પ્રણાલી);
- પ્રસ્તાવિત અથવા ઇનકાર કરવામાં આવેલ શરુઆત અથવા પરિવર્તન સંબંધી બાળકની તકલીફનું વર્ણન, જેમાં તકલીફ સંબંધી હકીકતો સામેલ હોય, અને

- કમ્પ્લેઇન્ટ નોંધાવવાના સમયે નોંધાવનારને તકલીફની જેટલી જાણ હોય ત્યાં સુધી અને ઉપલબ્ધ હોય ત્યાં સુધી તકલીફનું પ્રસ્તાવિત નિરાકરણ.

જ્યાં સુધી માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી (અથવા માતા-પિતાના વકીલ અથવા સાર્વજનિક એજન્સીના વકીલ) આ બધી માહિતીનો સમાવેશ કરતી ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ન નોંધાવે ત્યાં સુધી માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી ડ્યુ પ્રોસેસ હિયરિંગ મેળવી શકે નહીં.

## ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટને પ્રતિભાવ:

જ્યારે કોઇ પક્ષ ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ નોંધાવે, ત્યારે બાળકના અર્લી ઇન્ટરવેન્શન અને શિક્ષણ માટે જવાબદાર સાર્વજનિક એજન્સી આ કરશે:

- માતા-પિતાને ઉપલબ્ધ મફત અથવા ઓછા ખર્ચની કાયદાકીય અને અન્ય સંબદ્ધ સેવાઓ વિશે જાણ કરશે;
- માતા-પિતાને કાર્યપ્રણાલી સંબંધિત બાંહેધરીઓના દસ્તાવેજની નકલ પૂરી પાડશે; અને
- માતા-પિતાને દરમ્યાનગિરિની ઉપલબ્ધતા વિશે જણાવશે.

જો સાર્વજનિક એજન્સીએ માતા-પિતાને માતા-પિતાએ ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં ઉઠાવેલા મુદ્દાઓની આગોતરી લેખિત **સૂચના** ન મોકલી હોય, તો સાર્વજનિક એજન્સી ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મળવાના 10 દિવસની અંદર માતા-પિતાને એક જવાબ મોકલશે જેમાં આ વિગતો હશે:

- સાર્વજનિક એજન્સી શા માટે કોઇ પગલું (પગલાં) લેવાનો પ્રસ્તાવ મૂકે છે અથવા ઇનકાર કરે છે તેની સ્પષ્ટતા;
- સાર્વજનિક એજન્સીએ જે અન્ય વિકલ્પો વિશે વિચાર્યું હોય તેની વિગતો અને આ વિકલ્પોને શા માટે સ્વીકારવામાં ન આવ્યા તેના કારણો;
- અક્ષમતાવાળા બાળકના માતા-પિતાને આ ભાગની કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓ હેઠળ સુરક્ષા પ્રાપ્ત છે તે જણાવતું વિધાન, અને, જો આ **સૂચના** મૂલ્યાંકન માટેની શરુઆતની ભલામણ ન હોય તો કાર્યપ્રણાલી સંબંધિત બાંહેધરીઓની નકલ કેવી રીતે મેળવી શકાય તેની માહિતી; અને
- IDEA ની જોગવાઇઓ સમજવામાં મદદ માટે માતા-પિતા જેમનો સંપર્ક સાધી શકે તેવા સ્ત્રોતો વિશેની માહિતી.

આ જવાબ સાર્વજનિક એજન્સીને જ્યાં યોગ્ય હોય ત્યાં માતા-પિતાની ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ અપૂરતી હતી તેમ જાહેર કરવાથી રોકતું નથી.

કોઇ ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટના સામા પક્ષે (માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સીએ) ફરિયાદીને ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મળવાના 10 કેલેન્ડર દિવસોની અંદર ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાંના મુદ્દાઓનો જવાબ મોકલવો જોઇએ.

## સૂચનાની પર્યાપ્તતા:

સિવાય કે કમ્પ્લેઇન્ટ મેળવનાર પક્ષ OAHને અને સામા પક્ષને તે મેળવવાના 15 દિવસની અંદર જાણ કરે કે મેળવનાર પક્ષ માને છે કે ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ સામગ્રી સંબંધી જરુરિયાતો પૂરી કરતી નથી, ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટને પૂરતી માનવામાં આવે છે. ઉણપની **સૂચના** મેળવવાના પાંચ (5) દિવસની અંદર OAH નિશ્ચિત કરશે કે ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ સામગ્રીની જરુરિયાતો પૂરી કરે છે કે કેમ અને તરત જ બંને પક્ષોને તેની લેખિત જાણ કરશે.

કોઇ પક્ષ તેની ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં તો જ ફેરફાર કરી શકે જો બીજો પક્ષ તેમ કરવાની લેખિત સંમતિ આપે અને તેને નીચે જણાવ્યા મુજબ નિરાકરણ મીટિંગ દ્વારા તકલીફોનું નિરાકરણ કરવાની તક આપવામાં આવે; અથવા ડ્યુ પ્રોસેસ હિયરિંગ થાય તેના મોડામાં મોડા પાંચ (5) દિવસ પહેલાં OAH તેમ કરવાની પરવાનગી આપે. ફેરફાર કરાયેલ ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરવામાં આવે ત્યારથી નિરાકરણ મીટિંગ અને ડ્યુ પ્રોસેસ હિયરિંગ માટેની સમયસીમા ફરીથી શરુ થાય છે.

## કાર્યવાહી દરમ્યાન બાળકની સ્થિતિ:

કોઇ પણ વહીવટી કે કાયદાકીય કાર્યવાહી (સિવાય કે જેમનો ઉલ્લેખ શિસ્ત વિભાગમાં થયો હોય) બાકી હોય તે દરમ્યાન, સિવાય કે માતા-પિતા અને એજન્સી બીજી કોઇ બાબતે સંમત થાય, બાળક તેના હાલના અર્લી ઇન્ટરવેન્શન અથવા શૈક્ષણિક સ્થાન પર રહેવું જોઇએ. જો કાર્યવાહીમાં સાર્વજનિક શાળામાં પ્રવેશ માટેની પ્રારંભિક અરજીનો સમાવેશ થતો હોય, તો બાળકને બધી કાર્યવાહીઓ પૂરી થાય ત્યાં સુધી માતા-પિતાની સંમતિ સાથે સાર્વજનિક કાર્યક્રમમાં મૂકવામાં આવવું જોઇએ. જો ALJ નો નિર્ણય માતા-પિતાની માંગણી કે અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ અથવા શૈક્ષણિક સ્થાનમાં ફેરફાર યોગ્ય છે, તો જ્યાં સુધી ત્યાર પછીની અપીલો પર કાર્યવાહી બાકી હોય ત્યાં સુધી તે સ્થાન બાળકનું હાલનું સ્થાન બની જાય છે.

## નિરાકરણની પ્રક્રિયા:

કોઇ માતા-પિતાની ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મેળવવાના 15 દિવસની અંદર, અને ડ્યુ પ્રોસેસ હિયરિંગ શરુ થાય એ પહેલાં, સાર્વજનિક એજન્સીએ માતા-પિતા તેમજ ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ ફેમિલિ સર્વિસ પ્લાન (IFSP) ટીમ અથવા ઇન્ડિવજ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP) ટીમના સંબદ્ધ સભ્ય અથવા સભ્યો સાથે મુલાકાત યોજવી જોઇએ જેઓને માતા-પિતાની ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં રજૂ કરવામાં આવેલા મુદ્દાઓનું ખાસ જ્ઞાન હોય. આ મીટિંગમાં આ હોવું જ જોઇએ:

- સાર્વજનિક એજન્સીના એક એવા પ્રતિનિધિ સામેલ હોવા જોઇએ જેમની પાસે સાર્વજનિક એજન્સી વતી નિર્ણય લેવાની સત્તા હોય; અને
- તેમાં સાર્વજનિક એજન્સીનું પ્રતિનિધિત્વ કરતા વકીલનો સમાવેશ ન થઇ શકે, સિવાય કે માતા-પિતા કોઇ વકીલને લાવે.

માતા-પિતા અને સાર્વજનિક એજન્સી મીટિંગમાં હાજરી આપવા માટે IFSP અથવા IEP ટીમના યોગ્ય સભ્યો નક્કી કરે છે.

આ મીટિંગનો ઉદ્દેશ્ય માતા-પિતા ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ અને જે હકીકતોના આધારે આ કમ્પ્લેઇન્ટ કરવામાં આવી છે તેની ચર્ચા કરી શકે એવો હોય છે, જેથી સાર્વજનિક એજન્સીને મતભેદનું નિરાકરણ કરવાની તક મળે.

નિરાકરણ માટેની મીટિંગ જરુરી નથી જો:

- માતા-પિતા અને સાર્વજનિક એજન્સી લેખિત રુપે તે મીટિંગ રદ કરવા સંમત થાય;
- માતા-પિતા અને સાર્વજનિક એજન્સી દરમ્યાનગિરિનો પ્રયોગ કરી જોવા સંમત થાય; અથવા
- સાર્વજનિક એજન્સીએ ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ શરુ કરી હોય.

જો સાર્વજનિક એજન્સીએ કમ્પ્લેઇન્ટ મળવાના 30 કેલેન્ડર દિવસની અંદર (નિરાકરણનો સમયગાળો) માતા-પિતાને સંતોષ થાય એ રીતે ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટનું નિરાકરણ ન કર્યું હોય, તો ડ્યુ પ્રોસેસ હિયરિંગ થઇ શકે.

અંતિમ નિર્ણય આપવાની 45 કેલેન્ડર દિવસની સમયસીમા 30 કેલેન્ડર દિવસનો નિરાકરણનો સમયગાળો પૂરો થાય છે, સિવાય કે "30 કેલેન્ડર દિવસના નિરાકરણના સમયગાળામાં ફેરફારો" અથવા "ઝડપી સમયસીમાઓ" વિભાગમાં વર્ણવેલ નિમ્નલિખિત પરિસ્થિતિઓમાંથી કોઇ એક લાગુ પડતી હોય.

## 30 કેલેન્ડર દિવસના નિરાકરણના સમયગાળામાં ફેરફારો:

સિવાય કે જ્યારે માતા-પિતા અને સાર્વજનિક એજન્સી નિરાકરણની પ્રક્રિયા લંબાવવા, નિરાકરણની પ્રક્રિયા રદ કરવા કે દરમ્યાનગિરિનો ઉપયોગ કરવા સંમત થયા હોય, તો માતા-પિતાની નિરાકરણ મીટિંગમાં ભાગ લેવામાં નિષ્ફળતા મીટિંગ ન થાય ત્યાં સુધી નિરાકરણ પ્રક્રિયાની અને ડ્યુ પ્રોસેસ હિયરિંગની સમયસીમાઓને વિલંબમાં નાંખશે.

જો પૂરતા પ્રયત્નો કર્યા પછી અને આ પ્રયત્નોની દસ્તાવેજી નોંધ રાખ્યા પછી સાર્વજનિક એજન્સી નિરાકરણ મીટિંગમાં માતા-પિતાની સહભાગિતા ન મેળવી શકે, તો 30 કેલેન્ડર દિવસનો નિરાકરણનો સમયગાળો પૂરો થયે સાર્વજનિક એજન્સી ALJ ને ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટને કાઢી નાખવા વિનંતી કરી શકે. સાર્વજનિક એજન્સીની દસ્તાવેજી નોંધોમાં કોઇ પરસ્પર સંમતિવાળા સમય અને સ્થળની વ્યવસ્થા કરવાના નિમ્નલિખિત પ્રયત્નોની નોંધ હોવી જોઇએ:

- કરેલા અથવા પ્રયત્ન કરેલા ફોન કૉલ્સના વિગતવાર રેકૉર્ડ્ઝ અને આ કૉલ્સના પરિણામો;
- માતા-પિતાને મોકલાયેલ પત્રો અને તેમના તરફથી મળેલા જવાબોની નકલો; અને

- માતા-પિતાના ઘર અથવા કામના સ્થળની મુલાકાતના વિગતવાર રેકૉર્ડ્ઝ અને આ મુલાકાતોના પરિણામો.

જો સાર્વજનિક એજન્સી માતા-પિતાની ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મેળવવાના 15 કેલેન્ડર દિવસની અંદર, નિરાકરણ મીટિંગ ન યોજે અથવા નિરાકરણ મીટિંગમાં ભાગ ન લે, તો માતા-પિતા એવી માંગણી કરી શકે કે હિયરિંગ શરૂ થાય અને નિર્ણય 45 કેલેન્ડર દિવસની અંદર આપી દેવામાં આવે.

જો માતા-પિતા અને સાર્વજનિક એજન્સી લેખિતરુપે નિરાકરણ મીટિંગ રદ કરવા માટે સંમત થઇ જાય, તો ડ્યુ પ્રોસેસ હિયરિંગ માટેની 45 કેલેન્ડર દિવસની સમયસીમા બીજા જ દિવસથી શરુ થઇ જાય છે.

દરમ્યાનગિરી અથવા નિરાકરણ મીટિંગની શરુઆત પછી અને 30 કેલેન્ડર દિવસનો નિરાકરણ સમયગાળો પૂરો થતા પહેલાં જો માતા-પિતા અને સાર્વજનિક એજન્સી લેખિતરુપે સહમત થાય કે કોઇ સહમતિ સંભવ નથી, તો ડ્યુ પ્રોસેસ હિયરિંગ માટેની 45 કેલેન્ડર દિવસની સમયસીમા બીજા જ દિવસથી શરુ થઇ જાય છે.

જો સાર્વજનિક એજન્સી માતા-પિતા દરમ્યાનગિરિનો પ્રયોગ કરવા સહમત થાય, તો 30 કેલેન્ડર દિવસના નિરાકરણ સમયગાળાના અંતે બંને પક્ષો લેખિતરુપે સહમતિ સધાય ત્યાં સુધી દરમ્યાનગિરિની પ્રક્રિયા ચાલુ રાખવા સંમત થઇ શકે. જોકે, જો માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી દરમ્યાનગિરિની પ્રક્રિયામાંથી ખસી જાય, તો ડ્યુ પ્રોસેસ હિયરિંગ માટેની 45 કેલેન્ડર દિવસની સમયસીમા બીજા જ દિવસથી શરુ થઇ જાય છે.

## નિરાકરણ નક્કી થયાનો કરાર:

જો નિરાકરણ મીટિંગમાં મતભેદનું કોઇ નિરાકરણ નક્કી થઇ જાય, તો માતા-પિતા અને સાર્વજનિક એજન્સીએ એક કાયદાકીય રીતે બંધનકર્તા કરાર કરવો પડે જે:

- માતા-પિતા અને સાર્વજનિક એજન્સીના પ્રતિનિધિ જે સાર્વજનિક એજન્સીને કરાર પાળવા ફરજ પાડી શકે તેમણે સહી કરેલો હોય, અને
- જે કોઇ પણ સમર્થ અધિકારક્ષેત્ર ધરાવતી રાજ્યની અદાલત (એવી રાજ્યની અદાલત જેને આ પ્રકારના કેસ ચલાવવાની સત્તા હોય)) અથવા કેન્દ્રીય ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં લાગુ કરી શકાય.

જો માતા-પિતા અને સાર્વજનિક એજન્સી નિરાકરણ મીટિંગના પરિણામે કોઇ કરાર કરે, તો બેમાંથી કોઇ પણ પક્ષ ત્રણ (3) કાર્યદિવસોની અંદર એ કરારને રદ કરી શકે.

## ડ્યુ પ્રોસેસ હિયરિંગ:

ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ નોંધાવતી વખતે મતભેદમાં સામેલ માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સીને એક નિષ્પક્ષ ડ્યુ પ્રોસેસ હિયરિંગ મેળવવાની તક મળે છે.

## એડમિનિસ્ટ્રેટિવ લૉ જજ (ALJ):

- ઑફિસ ઑફ એડમિનિસ્ટ્રેટિવ હિયરિંગ્સના કર્મચારી હોય છે;
- એવા કોઇ ખાનગી કે વ્યાવસાયિક રસ નહીં ધરાવતા હોય જેનો હિયરિંગની નિષ્પક્ષતા સાથે વિરોધ થાય;
- જ્ઞાની હોય છે અને IDEA ની જોગવાઇઓ, IDEA સંબંધી કેન્દ્ર અને રાજ્યના નિયમો અને IDEA ના કાયદાકીય અર્થઘટનો સમજે છે; અને
- હિયરિંગ ચલાવવા માટેનું તેમજ માન્ય કાયદાકીય સિદ્ધાંતો સાથે સુસંગત ચુકાદા આપવા માટેનું જ્ઞાન અને કૌશલ્ય ધરાવે છે.

## ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટનું વિષય વસ્તુ:

ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ નોંધાવના પક્ષ (માતા-પિતા કે સાર્વજનિક એજન્સી) સિવાય કે અન્ય પક્ષ તેના માટે સંમત થાય, ડ્યુ પ્રોસેસ હિયરિંગમાં એવા કોઇ મુદ્દા ન ઉઠાવી શકે જેનો ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં ઉલ્લેખ ન થયો હોય.

## સુનાવણીના અધિકારો:

ડ્યુ પ્રોસેસ હિયરિંગ (જેમાં IDEA ની શિસ્ત સંબંધી પ્રક્રિયાઓ વિશેનું હિયરિંગ સામેલ છે) માં કોઇ પણ પક્ષને આ કરવાના અધિકારો છે:

- ડ્યુ પ્રોસેસ હિયરિંગમાં પોતાનું પ્રતિનિધિત્વ કરવું અથવા રાજ્ય સરકારના આર્ટિકલ §9-1607.1 એનોટેટેડ કોડ ઑફ મેરીલેન્ડ અન્વયે કોઇ વકીલ પાસે પોતાનું પ્રતિનિધિત્વ કરાવવું;
- કોઇ વકીલ અથવા અક્ષમતાઓવાળા બાળકોની સમસ્યાઓ સંબંધી ખાસ જ્ઞાન અથવા તાલીમ ધરાવતી વ્યક્તિને સાથે લાવવી અથવા તેની સલાહ મેળવવી;
- પુરાવા રજૂ કરવા અને સાક્ષીઓને ફરજિયાત હાજર રાખી શકવા, તેમને સવાલો કરવા અને તેમની ઉલટ-તપાસ કરવી;
- એવા કોઇ પણ પુરાવાને હિયરિંગમાં રજૂ કરાતો રોકવો જેના વિશે તે પક્ષને હિયરિંગના ઓછામાં ઓછા 5 કાર્યદિવસ પહેલાં જાણ કરવામાં ન આવી હોય;
- હિયરિંગનો લેખિત, અથવા, માતા-પિતા ઇચ્છે તો ઇલેક્ટ્રોનિક સ્વરુપમાં શબ્દશ: રેકૉર્ડ મેળવવો; અને
- જાણવા મળેલી હકીકતો અને ચુકાદાઓનો લેખિત, અથવા, માતા-પિતા ઇચ્છે તો ઇલેક્ટ્રોનિક સ્વરુપમાં રેકૉર્ડ મેળવવો.

## માહિતીનું વધારે સ્પષ્ટીકરણ:

કોઇ પણ ડ્યુ પ્રોસેસ હિયરિંગના ઓછામાં ઓછા પાંચ (5) કાર્યદિવસ પહેલાં માતા-પિતા અને સાર્વજનિક એજન્સીએ એકબીજાને તે દિવસ સુધીમાં પૂરાં થયેલાં બધાજ મૂલ્યાંકનો અને તે મૂલ્યાંકનોના આધારે માતા-પિતા અને સાર્વજનિક એજન્સી જે ભલામણોનો હિયરિંગમાં ઉપયોગ કરવા ધારતા હોય તેની જાણ કરવી જોઇએ.

ALJ જે પક્ષ આ જરૂરિયાતનું પાલન ન કરે તેને બીજા પક્ષની સંમતિ વિના કોઇ પણ સંબદ્ધ મૂલ્યાંકન અથવા ભલામણનો હિયરિંગમાં ઉપયોગ કરતા રોકી શકે.

## માતા-પિતાના અધિકારો:

માતા-પિતાને આ અધિકારો છે:

- બાળકને હાજર રાખવાનો;
- હિયરિંગ લોકો માટે ખુલ્લું રાખવાનો; અને
- હિયરિંગનો રેકૉર્ડ, જાણવા મળેલી હકીકતો અને નિર્ણયો તમને વિના મૂલ્યે પૂરા પડાવાનો.

## સુનાવણીનો ચુકાદો:

બાળકે મફત યોગ્ય સાર્વજનિક શિક્ષણ (FAPE) મેળવ્યું કે કેમ તે બાબતનો ALJ નો ચુકાદો પ્રત્યક્ષ બાબતો પર આધારિત હોવો જોઇએ. જે મામલાઓમાં કાર્યપ્રણાલીનું ઉલ્લંઘન કરાયાનો આક્ષેપ થયો હોય, તે મામલાઓમાં ALJ બાળકે FAPE નથી મેળવ્યું એવું તો જ નિર્ધારિત કરી શકે જો કાર્યપ્રણાલી સંબંધી અધૂરપે:

- બાળકના FAPE મેળવવાના અધિકારમાં હસ્તક્ષેપ કર્યો હોય;
- બાળકને FAPE પૂરું પાડવા સંબંધી નિર્ણય પ્રક્રિયામાં ભાગ લેવાની માતા-પિતાની તકમાં મોટો હસ્તક્ષેપ કર્યો હોય; અથવા
- કોઇ શૈક્ષણિક લાભથી વંચિત થવામાં કારણભૂત બની હોય.

ઉપર વર્ણવેલી જોગવાઇઓમાંથી કોઇ પણ કોઇ ALJ ને સાર્વજનિક એજન્સીને IDEA ના ભાગ B (34 CFR 300.500 થી 300.536) હેઠળના કાર્યપ્રણાલી સંબંધી બાંહેધરીઓ વિભાગની જરૂરિયાતોનું અનુપાલન કરવાનો આદેશ આપવાથી રોકી શકનાર તરીકે જોઇ શકાય નહીં.

## અલગ ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ:

IDEA ના કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરી વિભાગમાંની કોઇ પણ જોગવાઇ કોઇ માતા-પિતાને પહેલેથી દાખલ કરાઇ ગઇ હોય એવી ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટથી જુદા વિષય પર જુદી ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ નોંધાવતા રોકી શકતી નથી.

## સુનાવણીની સમયસીમાઓ અને સગવડતા:

નિરાકરણ મીટિંગો માટેના 30 કેલેન્ડર દિવસના સમયગાળાના અંતના વધુમાં વધુ 45 કેલેન્ડર દિવસ પછી અથવા "30 કેલેન્ડર દિવસના નિરાકરણના સમયગાળામાં ફેરફારો" અથવા "ઝડપી સમયસીમાઓ" હેઠળ વર્ણવ્યા મુજબ ફેરફેર કરેલ સમયગાળાના અંતના વધુમાં વધુ 45 કેલેન્ડર દિવસ પછી:

- હિયરિંગમાં એક અંતિમ ચુકાદો આપવામાં આવે છે; અને
- આ ચુકાદાની નકલો દરેક પક્ષને ટપાલ દ્વારા મોકલવામાં આવે છે.

કોઇ પણ પક્ષ માંગણી કરે તો ALJ 45 કેલેન્ડર દિવસના સમયગાળાથી આગળ બીજો સમય આપી શકે. દરેક હિયરિંગ એવા સમય અને સ્થળે યોજાવું જોઇએ જે માતા-પિતા અને બાળકને વાજબી રીતે અનુકૂળ હોય.

## ઝડપી સમયસીમાઓ:

જ્યારે કોઇ અક્ષમતાવાળા બાળક વતી નિમ્નલિખિત વિષયો બાબતે ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ નોંધાવવામાં આવી હોય ત્યારે સાર્વજનિક એજન્સી ઝડપી પ્રક્રિયાની વ્યવસ્થા કરાવવા માટે જ્વાબદાર છે:

- અક્ષમતાવાળું કોઇ એવું બાળક જેને હાલ કોઇ શાળામાં દાખલ કરવામાં આવ્યું નથી અને જે શાળામાં જતું નથી;
- કોઇ અક્ષમતાવાળા બાળકને વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક વ્યવસ્થામાં મૂકવું; અથવા
- લક્ષણ દેખાવાનું નિર્ધારણ.

ડયુ પ્રોસેસ હિયરિંગ કમ્પ્લેઇન્ટ નોંધ્યાના 20 શાળા દિવસોની અંદર થઇ જવું જોઇએ. ALJ એ હિયરિંગ પછીના 10 શાળા દિવસોની અંદર નિર્ધારણ કરી લેવું જોઇએ. નિરાકરણ માટેની મીટિંગ ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટની **સૂચના** મળવાના સાત (7) કેલેન્ડર દિવસની અંદર થઇ જવી જોઇએ અને સિવાય કે ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મેળવવાના 15 કેલેન્ડર દિવસની અંદર બંને પક્ષોને સંતોષ થાય તે રીતે મામલાનું નિરાકરણ થઇ જાય, ડયુ પ્રોસેસ હિયરિંગ આગળ વધી શકે.

## સુનાવણીના ચુકાદાની નિર્ણાયકતા:

જ્યાં સુધી માતા-પિતા કે સાર્વજનિક એજન્સી તેના વિરુદ્ધ અપીલ ન કરે ત્યાં સુધી ALJ નો ચુકાદો અંતિમ ગણાય છે. કોઇ પણ પક્ષ જે જાણવા મળેલી હકીકતો અને ચુકાદાઓથી અસંતુષ્ટ હોય, તેને ડયુ પ્રોસેસ હિયરિંગમાં રજૂ કરેલી ફરિયાદ સંબંધી દીવાની કાર્યવાહી કરવાનો અધિકાર છે.

## અપીલ:

કોઇ પણ પક્ષ જે જાણવા મળેલ હકીકતો અને ચુકાદાથી સંતુષ્ટ ન હોય, તેને ALJ ના ચુકાદાના 120 દિવસની અંદર જે રકમ વિશે વિવાદ થઇ રહ્યો છે તેને ધ્યાનમાં લીધા વિના કોઇ પણ સમર્થ અધિકારક્ષેત્ર ધરાવતી રાજ્યની અદાલત અથવા યુનાઇટેડ સ્ટેટ્સની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં દીવાની કાર્યવાહી શરુ કરીને અપીલ કરવાનો અધિકાર છે.

કોઇ પણ દીવાની કાર્યવાહીમાં અદાલત:

- વહીવટી કાર્યવાહીઓના રેકૉર્ડ્ઝ મેળવશે;
- માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સીની વિનંતીથી વધારાના પુરાવાઓ સાંભળશે;
- પુરાવાઓના આધારે પોતાનો ચુકાદો સંભળવશે: અને
- અદાલતને યોગ્ય લાગે તે રાહત આપશે.

IDEA ના ભાગ B માં એવી કોઇ જ જોગવાઇ નથી જે યુ.એસ.ના બંધારણ, 1990 ના અમેરિકન્સ વિથ ડિસેબિલિટિઝ એક્ટ, 1973 ના રિહેબિલિટેશન એક્ટ (ખંડ 504) કે અક્ષમતાઓવાળા બાળકોના અધિકારોનું રક્ષણ કરતા કેન્દ્રના કાયદાઓ હેઠળ ઉપલબ્ધ અધિકારો, પ્રક્રિયાઓ અને સુધારાને નિયંત્રિત કે સીમિત કરે. સિવાય કે આ કાયદાઓ હેઠળ દીવાની કાર્યવાહી માટેની વિનંતી દાખલ કરતા પહેલાં, માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સીએ OAH આગળ ડયુ પ્રોસેસ હિયરિંગ માટેની બધી જ પ્રક્રિયાઓનો ઉપયોગ કરી લીધો હોય. આનો અર્થ એવો થાય છે કે માતા-પિતા પાસે અન્ય કાયદાઓ હેઠળ એવા ઇલાજ છે જે IDEA હેઠળ ઉપલબ્ધ ઇલાજો સાથે સમાંતર ચાલે છે, પણ સામાન્ય રીતે, આ અન્ય કાયદાઓ હેઠળ રાહત મેળવવા માટે સીધા અદાલતમાં જતા પહેલાં માતા-પિતાએ પહેલા IDEA હેઠળ ઉપલબ્ધ વહીવટી ઇલાજો (એટલે કે ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ, નિરાકરણ મીટિંગ અને નિષ્પક્ષ ડયુ પ્રોસેસ સુનાવણી પ્રક્રિયાઓ) નો ઉપયોગ કરવો પડે.

# વકીલની ફી

IDEA હેઠળ કરવામાં આવેલ કોઇ પણ કાયદાકીય કાર્યવાહીમાં અદાલત વકીલની વાજબી ફી આમને આપી શકે:

- જો તેઓ કેસ જીતી ગયા હોય તો અક્ષમતાવાળા બાળકના માતા-પિતા અથવા વાલીને;
- જે માતા-પિતા ફરિયાદ અથવા આગળ પગલાં લેવાનું કારણ નોંધાવે જે નજીવું, ગેરવાજબી અથવા પાયા વિનાનું હોય તેમના વકીલ વિરુદ્ધ કેસ જીતી જનાર એ પક્ષને જે MSDE અથવા કોઇ અન્ય સાર્વજનિક એજન્સી હોય; અથવા
- કેસ જીતી જનાર એ પક્ષ જે માતા-પિતાના વકીલ અથવા માતા-પિતા વિરુદ્ધ MSDE અથવા કોઇ અન્ય સાર્વજનિક એજન્સી હોય તેને, જો માતા-પિતાની ફરિયાદ અથવા આગળ પગલાં લેવાનું કારણ ત્રાસ આપવા, વિના કારણનો વિલંબ કરવા અથવા તો વિના કારણ કોર્ટમાં દાવાનો ખર્ચ વધારવા જેવા અયોગ્ય ઉદ્દેશ્યથી રજૂ કરવામાં આવ્યા હોય.

અપાયેલી ફી જે સમુદાયમાં દાવો માંડવામાં આવ્યો હોય, તેમાં જે પ્રકાર અને ગુણવત્તાની સેવાઓ પૂરી પાડવામાં આવી તેમના હાલના દર પર આધારિત હોવી જોઇએ. આપવા પાત્ર ફી ગણતી વખતે કોઇ પણ બોનસ અથવા ગુણકનો ઉપયોગ કરી શકાય નહીં.

નિમ્નલિખિત પરિસ્થિતિઓમાં ફી આપી શકાય નહીં:

- IFSP અથવા IEP ટીમની કોઇ પણ મીટિંગ માટે સિવાય કે તે ડ્યુ પ્રોસેસ હિયરિંગ અથવા કાયદાકીય પગલાંના પરિણામે ભરાઇ હોય;
- ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ નોંધાવતા પહેલાં કરવામાં આવેલી દરમ્યાનગિરી માટે;
- નિરાકરણ માટેની મીટિંગ્સ માટે; અને
- માતા-પિતાને પતાવટ માટે લેખિત પ્રસ્તાવ મોકલ્યા પછી અપાતી સેવાઓ માટે જો:
  - o આ પ્રસ્તાવ ફેડરલ રુલ્સ ઑફ સિવિલ પ્રોસિજરના નિયમ 68માં દર્શાવાયેલ સમયસીમામાં મૂકવામાં આવ્યો હોય અથવા કોઇ વહીવટી કાર્યવાહીમાં, કાર્યવાહી શરુ થાય તેના દસથી વધુ દિવસ અગાઉ મૂકવામાં આવ્યો હોય;
  - o પ્રસ્તાવનો દસ દિવસની અંદર સ્વીકાર કરવામાં ન આવ્યો હોય; અને
  - o અદાલતને એવું લાગે કે માતા-પિતાને હિયરિંગ દરમ્યાન મળેલી રાહત તેમને મળેલી પતાવટ માટેની ઑફર જેટલી લાભકારક નથી. જો માતા-પિતા પતાવટના પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં ખરેખર યોગ્ય પગલું લઇ રહ્યા હોય તો ફી અને ખર્ચ આપવામાં આવી શકે.

નિમ્નલિખિત પરિસ્થિતિઓમાં ફી ઘટાડવામાં આવી શકે:

- માતા-પિતા અથવા માતા-પિતાના વકીલે મતભેદનું નિરાકરણ કરવામાં અયોગ્ય વિલંબ કર્યો હોય;
- વકીલની ફીની રકમ સમુદાયમાં સમકક્ષ કૌશલ્ય, નામના અને અનુભવ ધરાવતા વકીલોના સમાન સેવાઓ માટેના કલાકના દરથી વધુ પડતી વધારે હોય;
- કાર્યવાહીના પ્રકાર પ્રમાણે સમય અને સેવાઓ વધુ પડતા હતા; અથવા
- વકીલે ડ્યુ પ્રોસેસ હિયરિંગની વિનંતી કરતી **સૂચના**માં યોગ્ય માહિતી પૂરી પાડી ન હતી.

ફી ઘટાડવામાં આવશે નહીં જો:

- સાર્વજનિક એજન્સીએ નિરાકરણ વિલંબમાં નાંખ્યું હતું; અથવા
- કાર્યપ્રણાલીઓ સંબંધિત બાંહેધરીઓની જરૂરિયાતોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.

માતા-પિતાનો વકીલની ફી પાછી મેળવવાનો અધિકાર IDEAમાં દર્શાવાયેલી કેટલીક શરતોને આધીન હોવાના કારણે માતા-પિતાએ આ બાબતની ચર્ચા તેમના વકીલ સાથે કરવી જોઇએ.

# બીડાણ: IDEA મતભેદ નિરાકરણની પ્રક્રિયાઓની સરખામણીનો ચાર્ટ

| | દરમ્યાનગિરી | ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ | નિરાકરણ પ્રક્રિયા | સ્ટેટ કમ્પ્લેઇન્ટ |
|---|---|---|---|---|
| પ્રક્રિયા કોણ શરુ કરી શકે? | માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી, પણ બંને માટે સ્વૈચ્છિક હોવું જોઇએ | માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી | સાર્વજનિક એજન્સી ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મળે એટલે નિરાકરણ માટેની મીટિંગ યોજે છે, સિવાય કે બંને પક્ષો તેને રદ કરવાનો કે દરમ્યાનગિરિનો ઉપયોગ કરવાનો ચુકાદો કરે | રાજ્યની બહારના હોય એવા સહિત કોઇ વ્યક્તિ અથવા સંસ્થા |
| ફાઇલ કરવા માટેની સમય સીમા શું છે? | નિશ્ચિતપણે દર્શાવેલ નથી | સીમિત અપેક્ષાઓ સાથે જ્યારે જે તે પક્ષને સમસ્યાની જાણ હતી અથવા જાણ હોવી જોઇતી હતી ત્યારથી 2 વર્ષ[1] | કોઇ માતા-પિતાની ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટથી શરુ થાય છે | કહેવાતા ઉલ્લંઘનની તારીખથી 1 વર્ષ |
| કેવી બાબતોનું નિરાકરણ થઇ શકે? | ભાગ 300 હેઠળ કોઇ પણ વિષય, જેમાં ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કર્યા અગાઉથી ઊભા થતા વિષયો પણ સામેલ છે (કેટલાંક અપવાદો છે)[2] | ઓળખ, મૂલ્યાંકન અથવા શૈક્ષણિક સ્થાન અથવા મફત યોગ્ય સાર્વજનિક શિક્ષણ પૂરું પાડવા સંબંધી કોઇ પણ વિષય (કેટલાંક અપવાદો છે) | માતા-પિતાએ ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટમાં ઉઠાવેલ મુદ્દાઓ જેવી જ | IDEA ના ભાગ B અથવા ભાગ 300 ના કહેવાતા ઉલ્લંઘનો |
| સમસ્યાઓના નિરાકરણ માટેની સમયસીમા શું છે? | નિશ્ચિતપણે દર્શાવેલ નથી | સમયસીમામાં કોઇ ખાસ વધારો કરવાની પરવાનગી અપાઇ હોય તે સિવાય નિરાકરણ સમયગાળાના 45 દિવસ [3, 4] | સાર્વજનિક એજન્સીએ માતા-પિતાની ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મળે એટલે 15 દિવસની અંદર નિરાકરણ માટેની મીટિંગ યોજવી જોઇએ, સિવાય કે બંને પક્ષો લેખિત સ્વરુપે મીટિંગ રદ કરવાનો કે દરમ્યાનગિરિનો ઉપયોગ કરવા સંમત થાય.<br>નિરાકરણનો સમયગાળો માતા-પિતાની ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મળે ત્યારથી 30 દિવસ છે, સિવાય કે બધા પક્ષો કોઇ બીજા સમયગાળા માટે સંમત થાય અથવા માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી નિરાકરણ મીટિંગમાં ભાગ ન લે, અથવા સાર્વજનિક એજન્સી માતા-પિતાની ડયુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મળે તેના 15 દિવસની અંદર નિરાકરણ માટેની મીટિંગ યોજવામાં નિષ્ફળ જાય[3, 5, 6, 7] | કમ્પ્લેઇન્ટ મળે 60 દિવસ સિવાય કે સમયગાળામાં વધારો કરવાની પરવાનગી અપાઇ હોય[8] |
| સમસ્યાઓનું નિરાકરણ કોણ કરે છે? | કોઇ દરમ્યાનગિરિ સાથે માતા-પિતા અને સાર્વજનિક એજન્સી<br><br>આ પ્રક્રિયા સ્વૈચ્છિક છે અને બંને પક્ષોએ કોઇ પણ નિરાકરણ માટે સંમત થવું જોઇશે | હિયરિંગ ઑફિસર/એડમિનિસ્ટ્રેટિવ લૉ જજ (ALJ) | માતા-પિતા અને સાર્વજનિક એજન્સી<br><br>બંને પક્ષોએ કોઇ પણ નિરાકરણ માટે સંમત થવું જોઇશે | મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન[9] |

[1] જો કોઇ માતા-પિતા નિમ્નલિખિત કારણોસર ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ ન કરી શકે તો સમય સીમા લાગુ પડતી નથી: (1) સાર્વજનિક એજન્સીએ ખાસ કરીને એવી ખોટી રજૂઆત કરી હોય કે તેણે ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટનો આધાર બનતી સમસ્યાનું નિરાકરણ કરી દીધું છે; અથવા (2) સાર્વજનિક એજન્સીએ માતા-પિતાથી એવી માહિતી છુપાવી રાખી જે IDEA ના ભાગ 300 હેઠળ માતા-પિતાને પૂરી પાડવી જરુરી હતી (34 C.F.R. §300.511(f)).

[2] આવા અપવાદોમાં આમનો સમાવેશ થાય છે: માતા-પિતાએ ખાસ શિક્ષણ સેવા પહેલી વાર પૂરી પાડવાની સંમતિ આપવાનો ઇનકાર કર્યો હોય તો તેનું ઉલ્લંઘન કરવા માટે સાર્વજનિક એજન્સી ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરી શકે નહીં અથવા દરમ્યાનગિરિનો ઉપયોગ કરી શકે નહીં (34 C.F.R. §300.300(b)(3)); માતા-પિતાએ જો તેમણે જેને ખાનગી શાળામાં મૂક્યું હોય અથવા જેને ઘરે ભણાવવામાં આવતું હોય એવા બાળકના પ્રારંભિક મૂલ્યાંકન અથવા પુનર્મૂલ્યાંકન માટે સંમતિ આપવાનો ઇનકાર કર્યો હોય તો તેનું ઉલ્લંઘન કરવા માટે સાર્વજનિક એજન્સી ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરી શકે નહીં કે દરમ્યાનગિરિનો ઉપયોગ કરી શકે નહીં; (34 C.F.R. §300.300(c)(4)(i)); જે બાળકને તેના માતા-પિતાએ ખાનગી શાળામાં મૂકયું હોય, તેના માતા-પિતાનો ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરવાનો અધિકાર સાર્વજનિક એજન્સીની ચાઇલ્ડ ફાઇન્ડની જરુરિયાતો પૂરી કરવામાં નિષ્ફળતા સુધી સીમિત છે (34 C.F.R. §300.140); ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષક પૂરા પાડવાની સાર્વજનિક એજન્સીની નિષ્ફળતા ડ્યુ પ્રોસેસના કાર્યક્ષેત્રમાં આવતો મુદ્દો નથી, પણ તે બાબતે સ્ટેટ એજ્યુકેશન એજન્સી (SEA) ને સ્ટેટ કમ્પ્લેઇન્ટ ફાઇલ કરી શકાય (34 C.F.R. §300.156(e)).

[3] જો ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ શિસ્તનાં પગલાં પછી ઝડપી સુનાવણી માટે ફાઇલ કરવામાં આવી હોય, અથવા બાળક હાલ કોઇ શાળામાં દાખલ ન હોય અને શાળામાં ન જતું હોય, તો નિરાકરણનો સમયગાળો 15 દિવસનો છે (જેમાં મીટિંગ 7 દિવસની અંદર યોજાવી જોઇએ). જો બંને પક્ષોને સંતોષ થાય તે રીતે નિરાકરણ ન થયું હોય, તો સુનાવણી સુનાવણીની માંગણી થયાની તારીખના 20 શાળા દિવસોની અંદર થઇ જવી જોઇએ અને સુનાવણી થયા પછીના 10 શાળા દિવસોમાં નિર્ણય લેવાઇ જવો જોઇએ. (34 C.F.R. §300.532(c) અને COMAR 13A.05.01.15).

[4] કોઇ હિયરિંગ ઑફિસર/ALJ બેમાંથી કોઇ પણ પક્ષ માંગણી કરે તો સમયમાં નિશ્ચિત વધારો કરી શકે. (34 C.F.R. §300.516(c)).

[5] નિયમોમાં 30 દિવસના નિરાકરણના સમયગાળામાં ફેરફાર કરવાની વ્યવસ્થા છે. ડ્યુ પ્રોસેસ હિયરિંગ માટેની 45 દિવસની સમયસીમા નિમ્નલિખિત ઘટનાઓમાંથી કોઇ પણ એકની પછીના દિવસથી શરુ થાય છે: (1) બંને પક્ષો લેખિત રુપે નિરાકરણ માટેની મીટિંગ જતી કરવા માટે સંમત થાય; (2) દરમ્યાનગિરિ અથવા નિરાકરણ મીટિંગ શરુ થાય પછી પણ 30 દિવસનો સમયગાળો પૂરો થાય તે પહેલાં બંને પક્ષો લેખિત રુપે સંમત થાય કે કોઇ સમજૂતિ શક્ય નથી; (3) જો બંને પક્ષો લેખિત રુપે 30 દિવસના નિરાકરણ સમયગાળાના અંતે દરમ્યાનગિરિ ચાલુ રાખવા સંમત થાય, પણ પછી, માતા-પિતા અથવા સાર્વજનિક એજન્સી દરમ્યાનગિરિની પ્રક્રિયામાંથી ખસી જાય. (34 C.F.R. §300.510 (c)).

[6] નિરાકરણ મીટિંગમાં ભાગ લેવામાં માતા-પિતાની નિષ્ફળતા નિરાકરણ પ્રક્રિયા તેમજ ડ્યુ પ્રોસેસ હિયરિંગની સમયસીમાને મીટિંગ થાય ત્યાં સુધી વિલંબમાં નાંખ્યા કરે. (34 C.F.R. §300.510(b)(3)).

[7] જો સાર્વજનિક એજન્સી માતા-પિતાની ડ્યુ પ્રોસેસ કમ્પ્લેઇન્ટ મળયાના 15 દિવસની અંદર નિરાકરણ મીટિંગ યોજવામાં નિષ્ફળ જાય અથવા નિરાકરણ મીટિંગમાં ભાગ લેવામાં નિષ્ફળ જાય, તો માતા-પિતા ડ્યુ પ્રોસેસ હિયરિંગની સમયસીમા શરુ કરવા માટે કોઇ ALJ ના હસ્તક્ષેપની માંગણી કરી શકે. (34 C.F.R. §300.510(b)(5)).

[8] સ્ટેટ કમ્પ્લેઇન્ટનું નિરાકરણ કરવા માટેની સમયસીમા વધારી શકાય જો કોઇ ખાસ ફરિયાદ સાથે સંબંધિત કોઇ અસામાન્ય પરિસ્થિતિ ઉત્પન્ન થાય, અથવા માતા-પિતા (અથવા કોઇ વ્યક્તિ અથવા સંસ્થા, જો તે વ્યક્તિ અથવા સંસ્થાને રાજ્યની પ્રક્રિયાઓ મુજબ દરમ્યાનગિરિ અથવા અસંમતિના નિરાકરણ માટેના વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ હોય) અને સાર્વજનિક એજન્સી દરમ્યાનગિરિ માટેનો સમયગાળો લંબાવવા સંમત થાય અથવા દરમ્યાનગિરિ અથવા અસંમતિના નિરાકરણ માટે રાજ્યમાં ઉપલબ્ધ હોય, તો કોઇ વૈકલ્પિક રસ્તો અપનાવવા તૈયાર થાય. (34 C.F.R. §300.152(b)(1)).

[9] MSDE ફરિયાદ પ્રક્રિયાઓ સાર્વજનિક એજન્સીને કોઇ પણ ફરિયાદનો પ્રતિભાવ આપવાની તક પૂરી પાડે છે, જેમાં સાર્વજનિક એજન્સીની વિવેકબુદ્ધિ મુજબ ફરિયાદનું નિરાકરણ કરવાનો પ્રસ્તાવ મૂકવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે; અને ફરિયાદ કરનાર માતા-પિતા અને સરકારી એજન્સીને સ્વૈચ્છિક રીતે દરમ્યાનગિરિમાં સામેલ થવાની તક આપે છે. (34 C.F.R. §300.152(a)(3)). કેટલાંક કિસ્સાઓમાં ફરિયાદી અને સાર્વજનિક એજન્સી MSDEએ સમસ્યાનું નિરાકરણ કરવાની જરુર પડયા વિના જ તેનું નિરાકરણ કરી શકે છે.